અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧ નવેમ્બર ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ ચોથ

વર્ષ : ૧૫
અંક : ૯૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કાશ્મીર આર્ટિકલ ૩૭૦થી મુક્ત થશે તે કોઈએ વિચાર્યું નહોતું : વડાપ્રધાન મોદી

# પીએમ મોદીએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી

**ઘણા દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યા છે કેટલાક દેશોમાં બેરોજગારી વધી રહી છે, વિકટ પરિસ્થિતિમાં પણ આપણો દેશ સતત આગળ વધી રહ્યો હોવાનો વડાપ્રધાનનો દાવો**







## વડાપ્રધાન મોદી સમક્ષ યોજાનારી પરેડમાં અર્ધ લશ્કરી દળો સાથે પાંચ રાજ્યોના પોલીસ વિભાગ જોડાયા

**કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. PM નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબની ચરણ વંદના કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સરદાર સાહેબને નમન કરી પીએમ મોદીએ લોકોને એકતાના શપથ પણ લેવડાવ્યા હતા. જ્યારે પીએમ મોદીએ પરેડ નિહાળી હતી. સાથે જ તેઓ એકતાનગરમાં પ્રવાસીઓની સુવિધા માટેના રૂ. ૧૯૬ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત પણ કરશે. વડાપ્રધાન એકતાનગરથી અમદાવાદ વચ્ચે દર રવિવારે ચાલનારી હેરીટેજ ટ્રેનને લીલીઝંડી આપીને પ્રારંભ કરાવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણને પાંચ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ યોજાનારી પરેડમાં અર્ધ લશ્કરી દળો સાથે પાંચ રાજ્યોના પોલીસ વિભાગ જોડાયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કચ્છના લખપતના કિલ્લાની પ્રતિકૃતિ સાથે પોતાનું પ્રેરક ઉદબોધન કરશે. ત્યાર બાદ પોલીસજવાનો દ્વારા પરેડ કરવામાં આવશે. તેના પશ્ચાદભૂમાં આ કિલ્લો હશે. લખપતનો કિલ્લો દેશના એ ચુનિંદા કિલ્લાઓ પૈકીનો એક છે, જ્યાં આજે પણ સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસતાક દિને ધ્વજવંદન કરાય છે અને પાકિસ્તાન બોર્ડર સમીપે આવેલા આ ઐતિહાસિક સ્થળે શાનથી તિરંગો લહેરાય છે. સરદાર પટેલની જન્મ જયંતિ નિમિતે કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિનના ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રોજેક્ટોનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરાશે. ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં નિર્માણ પામેલા કલમલ પાર્કને લોકો માટે ખુલ્લો મુકાશે. રૂ. ૭.૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કમલમ્ પાર્કનું લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં નર્મદા નદીના કિનારે ડ્રેગન ફ્રૂટ, કે જે 'કમલમ' તરીકે જાણીતું છે, તેની નર્સરી બનાવવામાં આવી છે. આ નર્સરીમાં પ્રવાસીઓ અને ખેડૂતોને આ ફળના ફાયદા અને તેની ખેતીની પદ્ધતિ વિશે શિક્ષિત કરવા માટે ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટર બનાવવામાં આવ્યું છે.**

। કેવડિયા, તા.૩૧ ।

રાષ્ટ્રીય એકતા દિવસ પર બોલતા પીએમ મોદીએ કહ્યું કે, આપણું આ એકતા નગર પણ સંકલ્પ દ્વારા સફળતાનું ઉત્તમ ઉદાહરણ છે. આજે એકતા નગર ગ્લોબલ ગ્રીન સિટી તરીકે ઓળખાય છે. આ તે શહેર છે જ્યાંથી વિશ્વભરના દેશોનું ધ્યાન ખેંચનાર મિશન લાઈફની શરૂઆત થઈ હતી.

વડાપ્રધાને કહ્યું હતું કે આજે વિશ્વમાં ઉથલપ ાથલ મચી ગઈ છે. કોરોના બાદ ઘણા દેશોની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ છે. ઘણા દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યા છે. કેટલાક દેશોમાં બેરોજગારી વધી રહી છે. વિકટ પરિસ્થિતિમાં પણ આપણો દેશ સતત આગળ વધી રહ્યો છે. દેશમાં ગરીબી ઘટી રહી છે. દેશમાંથી ગરીબી ખતમ કરવાનો અમને વિશ્વાસ છે. દેશવાસીઓ માટે આ સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. તહેવારોની ભીડમાં જતા પહેલા લોકો ડરતા હતા. દેશના વિકાસને રોકવાના ષડયંત્ર થતા હતા. તૃષ્ટીકરણની રાજનીતિથી દેશને નુકસાન થયું છે. તૃષ્ટીકરણ કરનારે આતંકવાદની ભયાનકતા નથી દેખાતી. આવી વિચારસરણીથી જનતા અને દેશને નુકસાન થાય છે. વડાપ્રધાને ગુજરાતના કેવડિયામાં પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં પણ ભાગ લીધો હતો. આ પરેડમાં બીએસએફઅને વિવિધ રાજ્યની પોલીસની માર્ચિંગ ટુકડીઓએ ભાગ લીધો હતો અને તેમનું શાનદાર પરફોર્મ કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે ભારતની શક્તિથી દુનિયા અભિભૂત થઈ છે. આપણી સરહદ સુરક્ષિત છે તેનું ગૌરવ છે.સૌના પ્રયાસથી અસંભવ કઈપણ ન હોય. કાશ્મીર આર્ટિકલ ૩૭૦થી મુક્ત થશે તે કોઈએ વિચાર્યુ નહોતુ. સરદાર સાહેબ જ્યાં પણ હશે આપણને આશીર્વાદ આપતા હશે. વધુમાં તેમણે કહ્યું હતું કે કાશ્મીરના લોકો રાહતનો શ્વાસ લઈ રહ્યા છે. કેવડીયા આટલુ બદલાઈ જશે તે કોઈએ વિચાર્યુ નહોતુ. લાખો લોકો એકતા માટે દોડી રહ્યા છે. છેલ્લા છ મહિનામાં અહીં દોઢ લાખ વૃક્ષોનું વાવેતર થયુ છે.આ પરેડ દરમિયાન યુવાનોએ ચંદ્રયાન-૩ મિશનના સફળ પરીક્ષણ પર ખુશી વ્યક્ત કરતું પરફોર્મ આપ્યું હતું. યુવાનોએ દેશની આ ઐતિહાસિક સિદ્ધિની નાનકડી ઝલક રજૂ કરી હતી. તેમજ તિરંગાની પ્રતિકૃતિ રજૂ કરીને સમાપન કરાયું હતું.ગુજરાતના એકતા નગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં સીઆરપીએફની મહિલા બાઈકર્સે અદભૂત પ્રદર્શન કર્યું હતું. સરદાર પટેલની જન્મજયંતિ પર રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે પીએમ મોદીએ કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દેશને એકતાના શપથ લેવડાવ્યા હતા. જેમાં ઉપસ્થિત લોકોએ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષામાં સહયોગ આપવાનો સંકલ્પ લીધો હતો.

દેશભરમાં આજે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલને નમન કર્યા હતા. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર અર્પણ કરી પુષ્પાંજલિ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસનો મંગળવારે બીજો દિવસ છે. આજે તેઓ ગુજરાતના કેવડિયામાં સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી અને ત્યાં તેમને પુષ્પાંજલિ અર્પણ કરી. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ આ દિવસે ૧૮૭૫માં ગુજરાતમાં થયો હતો.

વડાપ્રધાન મોદી આજે નર્મદામાં વિશ્વની સૌથી ઉંચી સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પુષ્પાજંલિ અર્પણ કરશે. ત્યારબાદ કેવડિયા ખાતે યોજાનારી એકતા પરેડમાં પણ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ વડાપ્રધાનના હસ્તે ૫ ગ્રીન ઈનિશિયટીવ પ્રોજેક્ટ, ત્રણ પ્રવાસન આકર્ષણના પ્રોજેક્ટ અને ૩ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટનું લોકાર્પણ અને ખાતમૂર્હુત કરાશે. પીએમમોદીના ગુજરાત પ્રવાસનો આજે છે બીજો દિવસ હતો. આજે ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજંયતિ હતી. આ દિવસે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. વડાપ્રધાન મોદી આજે નર્મદામાં વિશ્વની સૌથી ઉંચી સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પુષ્પાજંલિ અર્પણ કરી. ત્યારબાદ કેવડિયા ખાતે યોજાનારી એકતા પરેડમાં પણ ઉપસ્થિત રહ્યા. ત્યારબાદ વડાપ્રધાનના હસ્તે ૫ ગ્રીન ઈનિશિયટીવ પ્રોજેક્ટ, ત્રણ પ્રવાસન આકર્ષણના પ્રોજેક્ટ અને ૩ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટનું લોકાર્પણ અને ખાતમૂર્હુત કરાયા.

પીએમ વર્ચ્યુઅલી એકતા નગર અને અમદાવાદ વચ્ચે સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેનને પણ લીલી ઝંડી આપી. આ ટ્રેન ૩૧ ઓક્ટોબર સવારે ૭ વાગ્યે એકતાનગર રેલવે સ્ટેશન આવી પહોંચશે. પીએમના હસ્તે ૭.૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ કમલમ પાર્કનું લોકાર્પણ થયું. ખાસ નર્મદા નદીના ડાબા કિનારે ડ્રેગન ફૂટ કે જે કમલમ તરીકે જાણીતુ છે તેની નર્સરી બનાવવામાં આવી છે.

પીએમ મોદી ૮૧ કરોડના ખર્ચે નિર્માણ થનારા સહકાર ભવનનું લોકાર્પણ કર્યું. ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ બેંક લિમિટેડના આ સહકાર ભવનનું નિર્માણ ખાસ ટીમે કર્યું છે. તો સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર ગુજરાતના ગ્રીન ગ્રોથની નવી ઓળખ બનશે. પીએમના હસ્તે ગ્રીન ઈનિશિયેટીવ હેઠળ પાંચ પ્રોજેક્ટસનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરાયું.અગાઉ ગઈકાલે વડાપ્રધાન મોદીએ ગુજરાત પ્રવાસના પ્રથમ દિવસે મહેસાણામાં લગભગ રૂ. ૫૮૦૦ કરોડની રેલ, રોડ, પીવાનું પાણી અને સિંચાઈને લગતી વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. પીએમ મોદીએ અંબાજી મંદિરમાં પૂજા અને દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે મહેસાણામાં અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું હતું.

પીએમ નરેન્દ્ર મોદીએ મહેસાણાના ખેરાલુમાં ચંદ્રયાન-૩ અને ૪-૨૦ની સફળતાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતુ કે વિશ્વનો કોઈ દેશ અત્યાર સુધી ચંદ્રના જે વિસ્તારમાં પોતાનું યાન ન ઉતારી શક્યો ત્યાં ભારત સફળતા પૂર્વક પહોંચ્યું છે. વિશ્વના લોકો અને નેતાઓ ભારતની સફળતાથી ચોંકી ઉઠ્યા છે.

---

### ન્યૂઝ બ્રિફ

## એપલ હેકિંગ કેસની તપાસના કેન્દ્રએ આદેશ આપ્યા છે : વૈષ્ણવ



। નવી દિલ્હી, તા.૩૧ ।

વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર એપલ હેકિંગનો દાવો કર્યો હતો ત્યારે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ દાવાઓને ફગાવી દઈને જવાબ આપતા કહ્યું કે કેન્દ્ર સરકારે એપલ હેકિંગ કેસની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર તેમના ફોન અને ઈમેલ હેક કરવાનો આરોપ લગાવ્યો હતો અને એપલદ્વારા મળેલા ચેતવણી સંદેશને શેર કરીને સરકારની ટીકા કરી હતી, ત્યારે હવે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જવાબ આપતા કહ્યું કે વિપક્ષ પાસે કોઈ મુદ્દો ન હોય ત્યારે તેઓ સરકાર પર આવા હેકિંગના આરોપ લગાવે છે.

---

### પાકિસ્તાન આતંકવાદીઓએ ઘટનાને અંજામ આપ્યો

## બલૂચિસ્તાનમાં પોલીસ સ્ટેશન પર આતંકીઓના હુમલામાં પાંચનાં મોત

**આતંકવાદીઓએ વહેલી સવારે અસ્તારી પ્રાંતના તૂર્બત વિસ્તારમાં નસીરાબાદ પોલીસ સ્ટેશન પર આ હુમલો કર્યો**

। કરાચી, તા.૩૧ ।

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આતંકવાદીઓ એ એક પોલીસ સ્ટેશન પર હુમલો કરતા એક પોલીસકર્મી સહિત પાંચ લોકોના મોતના અહેવાલ મળી રહ્યા છે આ ઉપરાંત અન્ય બે વ્યક્તિઓ ઘાયલ થઈ છે જેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પાકિસ્તાનના દક્ષિણ-પશ્ચિમ બલૂચિસ્તાનમાં આતંકવાદીઓ દ્વારા પોલીસ સ્ટેશનને નિશાન બનાવતા ભયાનક હુમલો કર્યો હતો જેમાં એક પોલીસકર્મી સહિત પાંચ લોકોના મોત થયા છે જ્યારે બે લોકો ઘાયલ થયા છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર આતંકવાદીઓએ વહેલી સવારે અસ્તારી પ્રાંતના તૂર્બત વિસ્તારમાં નસીરાબાદ પોલીસ સ્ટેશન પર આ હુમલો કર્યો હતો.

---

### સરદાર પટેલનો ૧૪૮મો જન્મદિવસ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં એકતા દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો

**ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, સરદાર પટેલના ઇરાદાનું પરિણામ એ છે કે ભારતનો નકશો છે અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારત એક છે**

। નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર આજે દેશભરમાં નેશનલ યુનિટી રન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રેણીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એકતા દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આજે સવારે સૌ પ્રથમ અમિત શાહ સરદાર વલ્લભભાઈ પટેલના સ્મારક પર પહોંચ્યા હતા અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર પણ હાજર હતા. તેમણે સરકાર પટેલની જન્મજયંતિ પર લોકોને શુભેચ્છા પાઠવીને સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'આજે આપણા દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર પટેલનો ૧૪૮મો જન્મદિવસ છે.આપણે બધા જાણીએ છીએ કે જ્યારે અંગ્રેજો અહીંથી ચાલ્યા ગયા ત્યારે તેમણે દેશને ટુકડા કરીને છોડી દીધો હતો.

---

### સીઆઈડીએ આંધ્રના પૂર્વ મુખ્યમંત્રીની ૯ સપ્ટેમ્બરે ધરપકડ કરી હતી

## ચંદ્રાબાબુને ભષ્ટ્રાચારના કેસમાં ૪ સપ્તાહના વચગાળાના જામીન

**૫૨ દિવસ બાદ મેડિકલ ગ્રાઉન્ડ પર આ જામીન મળ્યા છે**

। નવી દિલ્હી, તા.૩૧ ।

આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની ૯ સપ્ટેમ્બરના રોજ સીઆઈડીએ ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ કરી હતી. જે કલમો હેઠળ એન. ચંદ્રબાબુ નાયડુની ધરપકડ કરવામાં આવી છે તેમાં તેમને જામીન મળવા મુશ્કેલ હતા. મળતી માહિતી પ્રમાણે આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને ટીડીપીચીફ એન ચંદ્રબાબુ નાયડુને ચાર અઠવાડિયા માટે વચગાળાના જામીન આપીને રાહત આપી હતી. તેને ૫૨ દિવસ બાદ મેડિકલ ગ્રાઉન્ડ પર આ જામીન મળ્યા છે. સ્કીલ ડેવલપમેન્ટ કેસમાં રાજ્ય પોલીસે તેમની ધરપકડ કરી હતી. આ એક એવી યોજના છે જેમાં યુવાનોને હૈદરાબાદ અને રાજ્યના અન્ય વિસ્તારોમાં ભારે ઉદ્યોગોમાં કામ કરવા માટે જરૂરી કૌશલ્ય તાલીમ આપવા માંગતી હતી.

---

## ડાર્ક વેબ પર ૮૧.૫ કરોડ ભારતીયોના આધાર ડેટા લિક થયા

। નવી દિલ્હી, તા.૩૧ ।

આજના આ આધુનિક સમયમાં પર્સનલ ડેટા સોના કરતા પણ વધુ કિંમતી માનવામાં આવે છે. એવામાં અમેરિકાએ રજૂ કરેલ એક અહેવાલ ભારત માટે ચિંતાજનક છે. અમેરિકાના એક સાયબર સુરક્ષા ફર્મએ એવો દાવો કર્યો છે કે, લગભગ ૮૧.૫ કરોડ ભારતીયોનો પર્સનલ ડેટા ડાર્ક વેબ પર લીક થયો છે. એવો દાવો કરવામાં આવે છે કે આ ડેટા નામ, ફોન નંબર, એડ્રેસ, આધાર કાર્ડ અને પાસપોર્ટની જાણકારી સહિત ડેટાની ઓનલાઈન વહેંચણી માટે લીક કરવામાં આવ્યો છે. આ અહેવાલ અનુસાર, ડાર્ક વેબની આડીદ્વારા એક વ્યક્તિએ બ્રીચ ફર્મ પર એક થ્રેડ પોસ્ટ રજૂ કરી ૮૧.૫ કરોડ ભારતીયોના આધાર અને પાસપોર્ટના ડેટાને વહેંચવાની ઓફર કરી હતી. આ અહેવાલમાં તો એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, હન્ટર (હ્યુમિન્ટ) યુનિટના તપાસકર્તાઓએ ધમકી આપનાર વ્યક્તિ સાથે સંપર્ક કર્યો હતો. જેમાં માહિતી સામે આવી છે કે, ભારતીય આધાર કાર્ડ અને પાસપોર્ટના ડેટાબેઝને ૮૦,૦૦૦ ડોલરમાં વેચાયો છે.

---

## બાયડન સાથેની શી જીનપિંગની બેઠક કઠોર બની શકે છે

। બેઈજિંગ, તા.૩૧ ।

અમેરિકાના પ્રમુખ જો બાયડેન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે સાન ફ્રાંસિસ્કોમાં એશિયા પેસિફિક ઈકોનોમિક કોર્પોરેશન ફોરમ (એપીઈસીએફ) ની શિખર પરિષદ દરમિયાન યોજાનારી મંત્રણા ઘણી કઠોર બની રહેવાની આશંકા ચીનનાં વિદેશ મંત્રાલયે જ દર્શાવી છે. તેમાં સકારાત્મકતાની સંભાવના નહીવત દેખાય છે. ચીનના વિદેશ મંત્રી વાંગ ચીએ પોતાની ત્રણ દિવસની વોશિંગ્ટન યાત્રા દરમિયાન બાયડેનની સાથે સાથ અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિકનને અને રાષ્ટ્રીય સલામતી સલાહકાર જેક સુલીવાન સાથે પણ મંત્રણા યોજી હતી. બંને પક્ષોએ, તે દરમિયાન સાન ફ્રાંસીસ્કોમાં યોજાનારી એપીઈસીએફ શિખર મંત્રણા દરમિયાન દ્વિપક્ષીય બેઠકમાં સાથો સાથ કામ કરવાની તત્પરતા તો દર્શાવી હતી પરંતુ, ચીનનાં વિદેશ મંત્રાલયે શી જિનપિંગ અને પ્રમુખ બાયડેન વચ્ચે યોજાનારી મંત્રણાની સફળતા અંગે આશંકા દર્શાવી છે. વાંગની તે ત્રણ દિવસની વોશિંગ્ટન યાત્રા તેવા સમયે યોજાઈ કે જ્યારે બંને દેશો વચ્ચે કેટલાક મુદ્દાઓ અંગે તંગદિલી પ્રવર્તે છે.

### શિક્ષણના નામે વેપાર કરવાનો ખેલ ચાલતો હોવાનુ સામે આવ્યુ

## શારદા શિક્ષણ તીર્થ શાળાની ઉચ્ચતર પ્રાથમિકની માન્યતા રદ, દંડ ફટકાર્યો

। અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદમાં શાળાઓમાં સંખ્યા દર્શાવવા અને શિક્ષણના નામે વેપાર કરવાનો ખેલ ચાલતો હોવાનુ સામે આવ્યુ છે. પાલડી કાંકજની સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં અભ્યાસ ચાલતો હોવાનુ કૌભાંડ બહાર આવ્યા બાદ ચોંકી ઉઠેલા શિક્ષણ વિભાગે કાર્યવાહી શરુ કરી છે. શિક્ષણાધિકારીએ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણની માન્યતાને રદ કરી દેવામાં આવી છે. જ્યારે શાળાને એક લાખ રુપિયા દંડ ફટકાર્યો છે. અમદાવાદના દસક્રોઈની પાલડી કાંકજ શાળામાં વિદ્યાર્થીઓના એડમીશન અને હાજરીને લઈ આચરવામાં આવેલ કૌભાંડ સામે આવ્યુ હતુ. શાળામાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓને ખોટા એડમીશન આપવામાં આવ્યા હતા.તેમજ માન્ય વિનાના ધોરણનુ પણ સંચાલન કરવામાં આવ્યુ હતુ. જેને લઈ ભાંડો ફૂટતા સ્થાનિક શિક્ષણ વિભાગે ફરિયાદ આધારે તપાસ શરુ કરી હતી. જેને લઈ અસલાલી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કાર્યવાહી શાળા પર કરવામાં આવી છે. શારદા તીર્થની ધોરણ ૬ થી ૮ ની માન્યતાને રદ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શાળા સંચાલકને ૧ લાખ રુપિયા દંડ ફટકારવામાં આવ્યો છે. આમ હવે કૌભાંડ બહાર આવ્યા બાદ શિક્ષણ વિભાગે આકરી કાર્યવાહી કરી છે. આ પહેલા પોલીસે શાળા સંચાલકની ધરપકડ કરી હતી. જ્યારે પ્રાથમિક સરકારી શાળાના આચાર્યની પણ ધરપકડ કરવા માટે શોધખોળ શરુ કરવામાં આવી છે.

### સુરતમાં કૂતરાઓનો ત્રાસ યથાવત

## ૯ વર્ષના બાળક પર શ્વાનનો હુમલો, લોકોમાં ભયનો માહોલ

। સુરત, તા.૩૧ ।

સુરતમાં રખડતા કૂતરાઓનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. સિદ્ધિ ગણેશ સોસાયટીમાં ૯ વર્ષીય બાળક પર શ્વાનનો હુમલો કર્યો છે. બાળક ઘર પાસે રમી રહ્યો હતો.બાળક પર અચાનક શ્વાન હુમલો કર્યો હતો. બાળકનો રડવાનો અવાજ આવતા લોકો દોડી આવ્યા હતા. લોકોએ બાળકને શ્વાનના ચુંગાલમાંથી છોડાવ્યો હતો. બાળકના માતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. થોડાક દિવસ પહેલા જ બાળકના મોટા ભાઈ પર કૂતરાએ હુમલો કર્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી શ્વાનનો આતંક છે. બાળકો ઘર બહાર નીકળતા પણ ડરી રહ્યા છે.સચિન વિસ્તારમાં સિદ્ધિ ગણેશ સોસાયટીમાં રહેતા મેનકા મિશ્રાએ જણાવ્યું હતુ કે, છેલ્લા કેટલાક સમયથી શ્વાનનો આતંક ખૂબ જ વધી ગયો છે. સોસાયટીમાં રમતા બાળકો પર શ્વાન હુમલાઓ કરી રહ્યા છે. ગંદકી અને માછીઓની દુકાનોના કારણે શ્વાનો વધી ગયા છે. બાળકોને દોડીને આવી કરડી જાય છે.વધુમાં જણાવ્યું હતુ કે, છેલ્લા થોડા સમયમાં જ ૧૫થી વધુ લોકો પર શ્વાનોએ હુમલો કર્યો હતો. મારા બે દીકરાઓને ત્રણ ત્રણ વાર શ્વાન બચકા ભરી ગયા છે. સિવિલ હોસ્પિટલમાં બાળકોને લઈને ઈન્જેક્શન અપાવવા આવું છું. હજુ ડોઝ પૂરા થયા નથી. બંને બાળકોને પગ અને શરીરના પાછળના ભાગે બચકા ભર્યા હતા.ધોરણ ૪માં અભ્યાસ કરતા ૯ વર્ષના શોભિત મિશ્રાએ જણાવ્યું હતું કે, સોસાયટીમાં નજીકમાં જ લાકડી લેવા ગયો હતો. રસ્તા પર પડેલી લાકડી ઉઠાવતા જ એક શ્વાન દોડીને આવ્યું હતું અને પગે કરડી ગયું હતું. ત્યારબાદ મમ્મી સિવિલ હોસ્પિટલ જઈને આવ્યા હતા. મહત્વની વાત છે કે શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી રખડતાં શ્વાનો આતંક જોવા મળી રહ્યો છે. ભૂતકાળમાં શ્વાનના આતંકીથી નાના બાળક સહિત ચાર લોકોના મોત નિપજયા હતા. જ્યારે ખાસ કરીન ખાસ કરીને નાના બાળકો પર હુમલો હુમલો સતત વધી રહ્યા છે. રાત્રિ દરમિયાન લોકો પોતાના ઘરે જતા હોય છે ત્યારે પણ શ્વાન તેમના વાહન કે તેમની પાછળ દોડતા નજરે પડતા હોય છે.



પાલડી ટાગોર હોલમા વેદાંત સ્કૂલના વિદ્યાર્થી વિવિધ વેશભૂષા ભજવીને નાટક કરી હતા.

## શેત્રુંજીમાંથી રેતી ચોરી કરનારા ૮ વાહનો ઝડપાયા

। અમરેલી, તા.૩૧ ।

અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદી વિસ્તારમાં ખાણ ખનિજ વિભાગની અલગ અલગ ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા. ચાપાથળ, દેવળિયા, ગોખરવાળા સહિત નદી વિસ્તારમાંથી ગેરકાયદે ચોરી કરતા ૮ વાહનોને દબોચી લઈ ૬૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી દંડની કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદીના પટમાં રેતી ચોરીની ફરિયાદો વધતા હવે ખાણ ખનીજ વિભાગની ટીમ હરકતમાં આવી છે ખાણ ખનીજના અધિકારી સુમિત ચૌહાણની અલગ અલગ ટીમો દ્વારા શેત્રુંજી નદીના પટમાં દરોડા પાડવાની કામગીરી હાથ ધરવામાં આવતા રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. રેતી ચોરી કરનારા સામે તવાઈ શરૂ કરવામા આવી છે. ખાનગી રાહે વોચમાં રહી ખનીજ વિભાગની ટીમો દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચાપાથળ, દેવળીયા, ગોખરવાળા સહિત ગ્રામ્ય વિસ્તારમાં સૌથી મોટી નદી શેત્રુંજી વિસ્તારમાં ખનીજ ચોરી કરતા વાહનો ઝડપી લીધા છે. જેમા ૫ ટ્રેક્ટર ૨ ડમ્પર, ૧ લોડર સહિત ૮ જેટલા ગેરકાયદે ચોરી કરતા વાહનો અલગ અલગ વિસ્તારમાંથી ઝડપી લીધા છે. તમામ વાહનો અમરેલી ખાણ ખનીજ વિભાગ કચેરીમાં લાવી સિઝ કરી દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દાહોદમાં ૭-૮ વર્ષના બે બાળકોના પાણીમાં ડૂબી જવાથી મોત

। દાહોદ, તા.૩૧ ।

દાહોદ વિસ્તારમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં નદીમાં ડૂબી જતાં બે બાળકોના મોત થયા છે. ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે તળાવમાંથી નીકળતી નદીમાં ન્હાવા ગયેલા બાળકો ડૂબી ગયા હતા. બાળકો નદીમાં ડૂબતા હતા ત્યારે નજીકમાં કામ કરતી બાળકીની નજર પડતાં તેમણે પરિજનોને જાણ કરી હતી.

જે બાદ પરિજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બન્ને બાળકોને બહાર કાઢ્યા હતા. બાળકોને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડોકટરે બન્ને બાળકોને મૃત જાહેર કર્યા હતા. ૭ વર્ષના મહાવીર અને ૮ વર્ષીય ધવલના મોત અરેરાટી મચી ગઈ છે. તો બીજી તરફ બે બાળકોના મોતથી પરિજનોમાં ગમગમીનો માહોલ છે.

## નર્મદાની મોટીપીંપળી ડિસ્ટ્રીબ્યુટરી કેનાલમાં પાણી છોડવાની માંગ

। નર્મદા, તા.૩૧ ।

રાધનપુર પંથકનાં ખેડૂતો દ્વારા બજારમાંથી મોંઘા બિયારણ લાવી ખેતરમાં શિયાળુ પાકનું વાવેતર કર્યું છે. પાકને સમયસર પાણી મળી રહે તે માટે અનેકવાર કેનાલમાં પાણી છોડવાની રજૂઆત કરી હતી. જે બાદ પણ કેનાલમાં પાણી ન છોડવામાં આવતા આજે ભીલોટ, નાયતવાડા, કલ્યાણપુરા તેમજ મોટીપીંપળી ગામનાં ખેડૂતોએ નર્મદા વિભાગની ઓફીસે જઈ અર્ધનગ્રન થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખેડૂતો દ્વારા અનેકવાર નર્મદાની મોટીપીંપળી ડિસ્ટ્રીબ્યુટરી કેનાલમાં પાણી છોડવા માંગ કરી હોવા છતા પાણી ન છોડાતા આજે ખેડૂતો દ્વારા ઉગ્ર દેખાવ કરી નર્મદા વિભાગની ઓફીસે લેખિતમાં રજૂઆત કરી હતી. ખેડૂતો દ્વારા રજૂઆત કરવામાં આવતા ૪ દિવસમાં કેનાલમાં પાણી છોડવાની હૈયાધારણા આપી હતી. ક્યાં ક્યાં પાકો સૂકાઈ રહ્યા છે

રાધનપુર પંથકમાં ખેડૂતો દ્વારા શિયાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું. ખેતરમાં વાવેતર કરેલ પાકને સમયસર પાણી ન મળતા પાણી વગર ખેડૂતોનાં એરંડા, રાયડાનો પાક સૂકાતો હોવાથી ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો. તેમજ ખેડૂતો દ્વારા ચીમકી ઉચ્ચારી હતી કે, આગામી સમયમાં કેનાલમાં પાણી છોડવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ બાબતે ખેડૂત દ્વારા જણાવ્યું હતું કે, ભીલોટ, નાયતવાડા, કલ્યાણપુરાનાં ખેડૂતો પાણી છોડાવવા માટે નર્મદા ઓફીસે રજૂઆત કરી હતી. ત્યારે નર્મદા ઓફીસના અધિકારીએ ચાર દિવસમાં પાણી ચાલુ કરી દેવાનું કીધું છે.

# સુરતમાં ખાનગી બસ માલિકોએ ભાડામાં વધારો કર્યો

### હીરા ઉદ્યોગમાં મંદીની સામે ખાનગી બસ માલિકોએ ડબલ ભાડું કરવામાં આવ્યો હોવાનો આરોપ રત્નકલાકારો મુક્યો છે

। સુરત, તા.૩૧ ।

સુરતમાં ખાનગી બસ માલિકોએ ભાડું વધારતા રત્નકલાકારોએ જિલ્લા કલેક્ટરને આવેદન આપ્યું હતું. દિવાળીમાં સુરતથી સૌરાષ્ટ્ર મોટી સંખ્યામાં રત્નાકલાકારો જતા હોય છે. ત્યારે હીરા ઉદ્યોગમાં મંદીની સામે ખાનગી બસ માલિકોએ ડબલ ભાડું કરવામાં આવ્યો હોવાનો આરોપ રત્નકલાકારો મુક્યો છે. આ આરોપોને ખોટા ગણાવી ખાનગી લક્ઝરી બસના ભાવમાં કોઈ વધારો નહીં કરવામાં આવ્યો હોવાનું એસોસિએશન પ્રમુખ જણાવી રહ્યા છે.

સુરતમાં મોટી સંખ્યામાં સૌરાષ્ટ્રના લોકો વસે છે. દિવાળીમાં વેકેશનની મજા માણવા લાખોની સંખ્યામાં પોતાના માદરે વતન જતા હોય છે. ત્યારે ખાનગી લક્ઝરી માલિકોએ ડબલ ભાડું કરી દેવામાં આવ્યો હોવાનું આરોપ રત્નાકલાકારો લગાવ્યો છે. આજ રોજ રત્નકલાકાર એસોસિએશનના ઉપપ્રમુખ સહિતના આગેવાનો જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ખાનગી લક્ઝરી બસના માલિકો વિરુદ્ધ કાર્યવાહી કરવા આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. જિલ્લા



કલેકટરને આવેદનપત્ર પાઠવી ખાનગી બસ માલિકો કાર્યવાહી કરવા માંગ કરી હતી.

રત્ન કલાકાર એસોસિએશનના પ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે હાલમાં જ ડાયમંડ હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ ચાલી રહ્યો છે. જ્યારે દિવાળીના વેકેશન ને લઈને મોટી સંખ્યામાં રત્નકલાકારો પોતાના માદરે વતન જવાના છે.ત્યારે ખાનગી બસના માલિકો દ્વારા ડબલ ભાડું કરી દેવામાં આવ્યું છે. જેને અમારો વિરોધ છે. જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી વિનંતી છે કે આવા ખાનગી બસ સંચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે.

બીજી બાજુ ભાવ વધારાની વાતને લક્ઝરી એસોસિએશનના પ્રમુખ દિનેશ અંધન તેને નકારી રહ્યા છે. તેમણે જણાવ્યું કે કોઈ પણ રીતના ભાવ વધારવામાં આવ્યો નથી. સામાન્ય દિવસોમાં સિંગલ બોક્સમાં એક વ્યક્તિને બેસાડવામાં આવે છે. જ્યારે તેનું ભાડું રૂપિયા ૬૦૦ લેવામાં આવતું હોય છે. જ્યારે દિવાળીના પર્વમાં ત્રણ દિવસમાં લોકોને પોતાના વતન પહોંચાડવાનું હોય છે. જેથી એક સિંગલ બોક્સની અંદર બે લોકોને બેસાડવામાં આવે છે. બંનેમાં ૧૨૦૦ રૂપિયા રૂપિયા ભાડું લેવામાં આવે છે.

મહત્વની વાત એ છે કે થોડાક જ દિવસ પહેલા રાજ્યના ગૃહ મંત્રીએ ભાડા વધારવા બાબતે ખાનગી બસના માલિકોને ચેતવણી આપી હતી. ત્યાર બાદ રત્નાકલાકારો ખાનગી બસના માલિકો દ્વારા ડબલ ભાડું કરી દેવામાં આવ્યો હોવાના આરોપ સાથે જિલ્લા કલેકટર ખાતે આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. ત્યારે આ ભાવ વધારાની વાતને ખાનગી લક્ઝરી બસના માલિકો નકારી રહ્યા છે.

## લુણાવાડાના ડુંગરાભીત વિસ્તારમાં બાઈક ચાલક પાછળ ગાય દોડી

। મહીસાગર, તા.૩૧ ।

લુણાવાડાના ડુંગરાભીત વિસ્તારમાં બાઈક ચાલક પાછળ ગાય દોડી હતી. આ ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. તેમાં જોવા મળી રહ્યું છે કે ગાયથી બચવા માટે બાઈક ચાલક ભાગતો જોવા મળે છે. તે સમયે એક મહિલા ગાયથી બચવા પોતાના ઘરમાં દોડીને જતી દેખાય છે. મહીસાગરના લુણાવાડામાં રખડતા ઢોરનો આતંક યથાવત છે. બે દિવસમાં આવી બીજી એક ઘટના સામે આવી છે. લુણાવાડાના ડુંગરાભીત વિસ્તારમાં બાઈક ચાલક પાછળ ગાય દોડી હતી. આ ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. તેમાં જોવા મળી રહ્યું છે કે ગાયથી બચવા માટે બાઈક ચાલક ભાગતો જોવા મળે છે. તે સમયે એક મહિલા ગાયથી બચવા પોતાના ઘરમાં દોડીને જતી દેખાય છે. મહીસાગરમાં રખડતા ઢોરના આતંકના બે અલગ-અલગ દ્રશ્યો સામે આવ્યા છે. લુણાવાડામાં જ બે દિવસ અગાઉ એ જ જગ્યાએ વાહન ચાલક પાછળ ગાય દોડતી જોવા મળી હતી.


**વિશેષ** સરદાર પટેલે બંધારણ સભામાં આંકડા સાથે પુરવાર કરી બતાવ્યું કે રાજાઓએ જે આપ્યું છે તેની સરખામણીમાં સાલિયાણાની રકમ કઈ જ નથી

# લોહપુરુષ સરદાર પટેલની યશોજ્જવલ સિદ્ધિ : દેશી રાજ્યોનું ભારતમાં વિલીનીકરણ

### સરદાર પટેલે રાજાઓની મિલકત અને રાજ્યસત્તાનું દેશને સમર્પણ કરાવ્યું તેમાં રાજાઓની ઉદારતા દેશભક્તિ અને ત્યાગની ભાવનાનું પણ વિશેષ મહત્વ છે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ કરાવીને સરદાર વલ્લભભાઈ પટેલને શ્રેષ્ઠતમ શ્રદ્ધાંજલી આપી છે. સરદાર પટેલની જન્મ જયંતી ૩૧ ઓક્ટોબરને એકતા દિવસ તરીકે ઉજવવાની પરંપરા વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવી છે. લોહપુરુષ સરદાર પટેલે પાર પાડેલા દેશી રાજ્યોના ભારતમાં વિલીનીકરણના ભગીરથ કાર્યનું દ્યોતક 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' અને એકતા દિવસની ઉજવણી છે.

વિશ્વ ઈતિહાસની તવારીખના પાનાઓમાં સતા સંઘર્ષ અંગે અનેક લોહિયાળ ક્રાંતિઓ નોંધાઈ છે. પણ ભારતની આઝાદી પછી ૫૬૨ જેટલા દેશી રાજ્યોના ભારતમાં વિલીનીકરણની સરદાર વલ્લભભાઈ પટેલની અહિંસક રાજક્રાંતિની યશોજ્જ્વલ સિદ્ધિ વિશ્વસ્તરે ઐતિહાસિક ઘટના તરીકે સ્થાન પામી છે.



રાજનીતિમાં અશક્ય એવી આ ઘટના, ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત આ હકીકત વલ્લભભાઈના જીવનની શ્રેષ્ઠતમ સિદ્ધિ છે. માટે એમ કહી શકાય કે વલ્લભભાઈનો જન્મ આ મહાન કાર્ય માટે જ ભારતભૂમિમાં થયો હતો. માત્ર ગુજરાત જ નહીં ભારતભૂમિ એને માટે ગૌરવાન્વિત છે.

બ્રિટિશ શાસનની સમાપ્તિ પછી દેશી રાજ્યો અંગે અંગ્રેજોએ કોઈ સ્પષ્ટ નિર્દેશ આપ્યો ન હતો. ચર્ચિલે તો એવી નુકતાચીની કરી હતી કે અંગ્રેજ શાસનની વિદાય પછી હિન્દુસ્તાન પાકિસ્તાન અને ત્રીજું નરેશસ્તાન (પ્રિન્સેસ્તાન ) રચાશે, પણ સરદાર પટેલે દેશી રાજ્યોના વિલીનીકરણનું આ ભગીરથ કાર્ય એકલે હાથે સફળતાપૂર્વક સાંગોપાંગ પાર પાડી વિશ્વ ઈતિહાસની તવારીખમાં મહામાનવ તરીકે નામાંકિત થયા. આઝાદી આંદોલન દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલ પરદેશી અંગ્રેજ સરકાર સામે જ ઝૂમતા હતા સાથે સાથે દેશી રાજ્યોના રાજાઓ સામે પણ પ્રજા મંડળો દ્વારા લડતો ચલાવેલી.

દેશ આઝાદ થયો ત્યારે દેશી રજવાડાના પ્રશ્ન અંગે કેન્દ્ર સરકારમાં નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈની દેખરેખ હેઠળ અલગ વિભાગની રચના કરવામાં આવી. પ્રારંભમાં ભાવનગર અને રાજસ્થાનના રજવાડાઓ પણ ભારત સંઘમાં જોડાયા. છત્તીસગઢ અને ઓરિસ્સાના ૪૮ રાજવીઓએ ૨૪ કલાકમાં જ એમના રાજ્યોનો વહીવટ વલ્લભભાઈને સોપ્યો. એક પછી એક નાના મોટા રાજ્યોને ભારતનું અંગ બનાવી દીધા એ સરદાર વલ્લભભાઈ પટેલની એક અનુપમ સિદ્ધિ છે જે વિશ્વમાં કદાચ પ્રથમ છે.

વી.પી. મેનન જેવા બાહોશ અધિકારીની સહાયથી વલ્લભભાઈએ પહેલે તબક્કે જ બધા રજવાડાઓને સ્ટેન્ડ સ્ટીલ એગ્રીમેન્ટથી બાંધ્યા હતા. આઝાદ ભારતમાં માત્ર એક જ સાર્વભૌમ સરકાર- સત્તા હોઈ શકે, આ દ્રષ્ટિનું મૂળભૂત પરિવર્તન સરદાર પટેલે ખૂબ મૈત્રીભરી રીતે સાકાર કર્યું. તેમણે આ નાજુક કામગીરી અસાધારણ કળથી અને વિશાળ હૃદયથી સિદ્ધ કરી.

વિલિનીકરણના પ્રશ્ને બધા જ રાજાઓ સીધા ચાલ્યા હોય એવું ન હતું. કેટલાક રાજાઓ બીજાને ભરમાવી રાજ રમત રમતા હતા. જુનાગઢના નવાબ અને હૈદરાબાદના નિઝામે પોતાની તાકાતના ભ્રમમાં રાજ્યની પ્રજા સાથે અને ભારત સરકાર સાથે અથડામણ વહોરી લીધી. પરંતુ સરદાર પટેલે કોઈને સમજાવ્યા તો કોઈને નમાવ્યા તો હૈદરાબાદ નિઝામ જેવાને હરાવ્યા. આમ અનેક પદ્ધતિઓ અપનાવીને આઝાદ ભારતના તિરંગામાં એક પણ પીળું ધાબુ વલ્લભભાઈએ રહેવા ન દીધું.

૫૬૨ દેશી રાજ્યો માટે વલ્લભભાઈએ મંજૂર કરેલી સાલીયાણાની રકમને વધુ પડતી ગણાવી કેટલાક લોકોએ સરદાર પટેલની ટીકા કરી હતી. પણ સરદાર પટેલે બંધારણ સભામાં આંકડા સાથે પુરવાર કરી બતાવ્યું કે રાજાઓએ જે આપ્યું છે તેની સરખામણીમાં તો આ રકમ કઈ જ નથી.

સરદાર પટેલે રાજાઓની મિલકત અને રાજ્યસત્તાનું દેશને સમર્પણ કરાવ્યું તેમાં રાજાઓની ઉદારતા દેશભક્તિ અને ત્યાગની ભાવનાનું પણ વિશેષ મહત્વ છે.

જે રાજાઓ વર્ષો સુધી રાજ્ય શાસનમાં માનતા તેઓએ રાજપાટનો ત્યાગ કરી પ્રજાશાસનમાં માનતા થયા એ વલ્લભભાઈ પ્રેરિત લોકશાહીની ઉજવળ સિદ્ધિ છે. એક નોંધપાત્ર હકીકત એ પણ છે કે રાજવીઓએ વલ્લભભાઈ વિરુદ્ધ કોઈ ફરિયાદ કરી નથી કે કડવાશ રાખી નથી. એટલું જ વલ્લભભાઈ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.

ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારથી માંડી મુસ્લિમ દેશી રાજ્ય અલવરના રાજ્યોએ વલ્લભભાઈના વડીલ વાત્સલ્યને બિરદાવ્યું છે. વડોદરાના મહારાજા ના શબ્દોમાં કહીએ તો 'વલ્લભભાઈ અમારા પિતા સમાન છે'. અલવર નરેશે કહ્યું હતું કે 'વલ્લભભાઈ એ અમારામાં દેશભક્તિ જાગૃત કરી છે'. વડોદરા નરેશના શબ્દોમાં કહીએ તો, મા બાપ છોકરાને સંતોષે એમ સરદાર પટેલે અમને રાજી કર્યા છે. વિલીનીકરણના મુદ્દાને આંકડાકીય દ્રષ્ટિએ મુલવીએ તો પણ સરદાર પટેલનું મહત્વ વિશ્વના મહાન નેતાઓમાં મોખરે છે. ૫૬૨ દેશી રાજ્યોમાં એકલા સૌરાષ્ટ્રના ૨૨૨ રાજ્યો હતા જેની સાલિયાણની રકમ કુલ રોકડ પૂરાંતના માત્ર ૬ થી ૭ ટકા થતી હતી. એની સામે સૌરાષ્ટ્રમાંથી ભારત સરકારને ૨૫ હજાર માઈલથી વધુ રેલ્વે લાઈન અને બે ડઝનથી વધુ વિકસિત કોમર્શિયલ બંદરો અને બે ડઝન બેક્િંગ પેઢીઓ પ્રાપ્ત થઈ હતી. ૫૬૨ દેશી રાજ્યોની વસ્તી ૭ કરોડ ૮૯ લાખ ૮૬ હજાર હતી જે ભારતમાં ભળી ગઈ.

બ્રિટિશ ભારતનું હિન્દુસ્તાન પાકિસ્તાનમાં વિભાજન થયું ત્યારે ભારતે ૩,૬૪,૭૩૭ ચોરસ માઈલ પ્રદેશ અને ૮ કરોડ ૧૫ લાખની વસ્તી ગુમાવ્યા હતા. એની સામે દેશી રાજ્યોનું ભારતમાં વિલીનીકરણ કરીને વલ્લભભાઈએ પાંચ લાખ ચોરસ માઈલથી વધુ વિસ્તાર ભારતમાં સામેલ કરી દીધો. આમ સરદાર પટેલે દેશની એકતા અને અખંડિતતામાં જવલંત પ્રકરણ ઉમેરીને વિશ્વ ઈતિહાસમાં વિક્રમ સર્જ્યો હતો, જેની વિશ્વના ઈતિહાસકારોએ કદાચ ઓછી નોંધ લીધી છે. જો સરદાર પટેલ ન હોત તો ભારતનો ઈતિહાસ અધુરો અને ભૌગોલિક વિસ્તાર વિકૃત હોત.

## ન્યૂઝ બ્રિફ

### તેલંગણાના સાંસદ કે. પ્રભાકર રેડ્ડી પર ચાકૂથી હુમલો

। હૈદરાબાદ , તા.૩૧ ।

તેલંગાણામાં ચૂંટણી પ્રચારમાં નીકળેલા કે.સી.આર.ની પાર્ટીમાં ભારત- રાષ્ટ્ર સમિતિના સાંસદ કે. પ્રભાકર રેડ્ડી ઉપર એક શખ્સે ચાકુથી હુમલો કર્યો હતો. સિદીકી પ ેટમાં બી.આર.એસ.ના સાંસદ ચૂંટણી પ્રચારમાં હતા ત્યારે તેમના પેટમાં જમણી બાજુએ એક શખ્સે ચાકુથી ઘા કર્યો પરંતુ લોકોએ તેને તુર્ત જ પ કડી પહેલા તેને લમધાર્યો, પછી તેને પોલીસને સોંપી દીધો. પ્રભાકર રેડ્ડીને તુર્ત જ તેઓની જ મોટરમાં બેસાડીને ગજવેલ હોસ્પિટલમાં દાખલ કરાયા. ચાકુ મારનાર શખ્સ યુ ટયુબની એક ચેનલ માટે રિપોર્ટિંગ કરે છે તેમ તેમણે પોલીસને જણાવ્યું હતું. આ ઘટના પછી ગજવેલ હોસ્પિટલમાં તેમને તાત્કાલિક સારવાર આપી હૈદરાબાદની કોર્પોરેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીઆરએસના એક નેતાએ તે પછી પત્રકારોને જણાવ્યું હતું કે, પ્રભાકર રેડ્ડીની સ્થિતિ હવે સ્થિર થઈ જ રહી છે.

### યુઝર્સ હવે ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકશે

। નવી દિલ્હી, તા.૩૧ ।

ગૂગલ મેપ્સ કોઈ નવી જગ્યાએ પહોંચવું હોય કે લાઈવ ટ્રાફિક સ્ટેટસ જોવું હોય કે પછી કોઈની સાથે તમારું લોકેશન શેર કરવું હોય આ બધું મેપ પર શક્ય છે. આજે તમને એક ખાસ ફીચર વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેના પછી યુઝર્સ ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકશે. આનાથી માત્ર ઈન્ટરનેટ ડેટાની બચત થશે નહીં પરંતુ બેટરી લાઈફ પણ જળવાઈ રહેશે. તો જાણીએ કે કઈ રીતે ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકાય. ગૂગલ મેપ્સમાં એક સુવિધા ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ઑફલાઈન મોડમાં કરી શકાય છે. તેની મદદથી યુઝર્સ રસ્તાઓ જોઈ શકે છે અને તેમના ડેસ્ટીનેશન સુધી પહોંચી શકે છે. આ સુવિધા એવા વિસ્તારોમાં પણ ઉપયોગી સાબિત થશે જે રિમોટ એરિયામાં સ્થિત છે અથવા જ્યાં સારી મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી નથી. એક નોંધનીય બાબત એ છે કે તમે વાઈફાઈકનેક્ટિવિટી હોવા પર ઑફલાઈન નકશા ડાઉનલોડ કરી શકો છો. એન્ડ્રોઈડ ફોનમાં ગૂગલ મેપ્સ ખોલો. આ પછી, ઉપર જમણી બાજુએ પ્રોફાઈલ ફોટો આઈકોન પર ક્લિક કરો. આ પછી એક નવી પોપઅપ વિન્ડો ખુલશે, જેમાં ઓફ લાઈનનો વિકલ્પ આપવામાં આવ્યો છે. ઑફલાઈન મેપ્સ પર ક્લિક કરો. આ પ છી, યુઝર્સને સિલેક્ટ યોર ઓન મેપનો વિકલ્પ મળશે, તેના પર ક્લિક કરીને તમે તમારી પસંદગીના સ્થાનના મેપ્સ ડાઉનલોડ કરી શકો છો. યુઝરે બને તો વાઈફાઈકનેક્ટિવિટી પર હોય ત્યારે ઑફલાઈન મેપ્સ ડાઉનલોડ કરવા જોઈએ.

### ૨૦૧૯માં વર્લ્ડ કપ જીતનારી ઈંગ્લેન્ડની ટીમનું કંગાળ પ્રદર્શન

# માલનને ટીમમાં ન સમાવવા મેં પહેલાથી જ કહ્યું હતુ : પીટરસન

## માલનને બહાર રાખવાની અને બ્રુકને ટીમમાં રાખવાની જરૂર હોવાનો પૂર્વ ક્રિકેટરનો અભિપ્રાય



। નવી દિલ્હી, તા.૩૧ ।

૨૦૧૯ના વર્લ્ડ કપ જીતનારી ઈંગ્લેન્ડની ટીમનું આ વર્ષે ખુબ જ ખરાબ પ્રદર્શન રહ્યું છે તેમજ ટીમ ઈંગ્લેન્ડ પોઈન્ટ ટેબલમાં ૧૦માં સ્થાને છે. હાલ ઈંગ્લેન્ડની ટીમને હજુ ૩ મેચ રમવાની છે પણ તે સેમીફાઈનલની રેસથી લગભગ બહાર જ થઈ ગઈ છે. જેના કારણે ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર કેવિન પીટરસન ચોંકી ગયા છે અને ઈંગ્લેનની ટીમના ખરાબ પ્રદર્શન અંગે ટ્વીટ કરી છે. આ અંગેની તેમને એક ટ્વીટ વાયરલ થઈ છે. જેમાં તેમને લખ્યું છે કે, 'જયારે મને પૂછવામાં આવ્યું કે ઈંગ્લેન્ડની ટીમમાંથી કોને બહાર કરવામાં આવે તો મેં કહ્યું હતું કે માલનને બહાર રાખવાની અને બ્રુકને ટીમમાં રાખવાની જરૂર હતી. આજે પણ હું મારા આ નિવેદન પર અડગ છું. બટલરે ટોપ ઓર્ડર પર બેટિંગ કરવાની જરૂર હતી, જયારે ડેવિડ મલાને ન રમવું જોઈએ. તેમજ બ્રૂકને દરેક મેચ રમવાની જરૂર હતી.'

વર્લ્ડ કપમાં અત્યારે સુધી ઈંગ્લેન્ડે માત્ર એક જ મેચ જીતી છે. બાંગ્લાદેશ સામેની મેચમાં પણ ઈંગ્લેન્ડ હાર્યું હતું. આ સિવાય પુરા વર્લ્ડ કપ દરમ્યાન ઈંગ્લેન્ડના બેટર અને બોલર ફલોપ રહ્યા છે. જેના કારણે આજે ટીમની આ હાલત છે. ટીમના આ પ્રદર્શનના કારણે ૨૦૨૫માં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ તેનું ક્વોલીફાઈ કરવું શંકાજનક લાગે છે. વર્લ્ડ કપ ૨૦૨૩માં ટોપ ૭માં રહેનારી ટીમ ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ડીરેક્ટર ક્વોલિફાય કરશે. હાલ ઈંગ્લેન્ડ પોઈન્ટ ટેબલ પર ૧૦માં સ્થાને છે, જો તેને ક્વોલિફાય કરવું હોય તો બાકીની ૩ મેચ તેને જીતવાની રહેશે.

### હાર્દિક પટેલના વાપસી બાદ

# ટીમ ઈન્ડિયામાંથી શ્રેયસ અય્યર બહાર થઈ શકે છે

## અય્યરે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં માત્ર ૨૨.૩૩ની એવરેજથી ૧૩૪ રન બનાવ્યા છે, તેના બેટમાંથી માત્ર એક અડધી સદી આવી છે

। નવી દિલ્હી, તા.૩૧ ।

અત્યાર સુધી, મિડલ ઓર્ડર બેટ્સમેન સિવાય, શ્રેયસ અય્યર ંહૈ વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારતીય ટીમ માટે કંઈ ખાસ કરી શક્યો નથી. બીજી તરફ, સૂર્યકુમાર યાદવે હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં આપવામાં આવેલી જગ્યાનો પૂરેપૂરો ફાયદો ઉઠાવ્યો અને ટીમને આત્મવિશ્વાસ અપ ાવ્યો. સૂર્યાએ ઈંગ્લેન્ડ સામે રમાયેલી મેચમાં ૪૯ રનની ઈનિંગ રમી હતી, જ્યાં લગભગ તમામ બેટ્સમેન નિષ્ફળ ગયા હતા. આવી સ્થિતિમાં હાર્દિક પંડ્યાની વાપસી પર સૂર્યકુમાર યાદવ નહીં પરંતુ ખરાબ ફોર્મ સાથે ઝઝૂમી રહેલ શ્રેયસ અય્યર બહાર થઈ શકે છે. અય્યરે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં માત્ર ૨૨.૩૩ની એવરેજથી ૧૩૪ રન બનાવ્યા છે. તેના બેટમાંથી માત્ર એક અડધી સદી આવી છે. તે જ સમયે, અય્યર કેટલીક મેચોમાં ટૂંકા ગાળામાં આઉટ થતો જોવા મળ્યો છે, જે લાંબા સમયથી નબળાઈ છે. ભારતીય ટીમ વાનખેડે, મુંબઈ ખાતે ગુરુવાર, ૨ નવેમ્બરે શ્રીલંકા સામે આગામી મેચ રમશે.

ઈજાગ્રસ્ત હાર્દિક પંડ્યા શ્રીલંકા સામેની મેચમાં વાપસી કરી શકે છે. હાર્દિક ઈજાના કારણે છેલ્લી બે મેચમાંથી બહાર થઈ ગયો છે. અગાઉ એવી અટકળો હતી કે હાર્દિકના વાપસી બાદ સૂર્યકુમાર યાદવને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવામાં આવશે. પરંતુ હવે ઐય્યરના ખરાબ પ્રદર્શન બાદ એવું લાગી રહ્યું છે કે રજા સૂર્યાની નહીં પરંતુ ઐય્યરની થશે તે લગભગ નક્કી છે. ઈંગ્લેન્ડ પહેલા ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં અય્યર રન આઉટ થઈ ગયો હતો.

### ઝડપથી વાયરલ થઇ રહ્યો છે વીડિયો

# એમ.એસ ધોનીએ ગાયુ મેં પલ દો પલ કા શાયર હું

## ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે, જોકે મહેન્દ્ર સિંહ ધોની હજુ પણ આઈપીએલમાં રમી રહ્યો છે

। નવી દિલ્હી, તા.૩૧ ।

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે, પરંતુ ચાહકોમાં આ ક્રિકેટરનો ક્રેઝ ઓછો થયો નથી. મહેન્દ્ર સિંહ ધોની માટે ચાહકોનો ક્રેઝ સતત વધી રહ્યો છે. જો કે મહેન્દ્ર સિંહ ધોનીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં મહેન્દ્ર સિંહ ધોની હિન્દી ગીત "મેં પલ દો પલ કા શાયર હૂં. ગીત ગાતો જોવા મળી રહ્યો છે. જો કે મહેન્દ્ર સિંહ ધોનીનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ફેન્સ તેમના ફેવરિટ ક્રિકેટરની આ સ્ટાઈલને ખૂબ પસંદ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિક્રિયા આપી રહ્યા છે. વાસ્તવમાં મહેન્દ્ર સિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે. જોકે મહેન્દ્ર સિંહ ધોની હજુ પણ આઈપીએલમાં રમી રહ્યો છે.

મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપમાં ચેન્નઈ સુપર કિંગ્સે IPL 2023નું ટાઈટલ જીત્યું હતું. આ રીતે ચેન્નઈ સુપર કિંગ્સે પાંચમી વખત IPLનું ટાઈટલ જીત્યું હતું. આ સાથે જ મહેન્દ્ર સિંહ ધોની ૫ વખત IPL જીતનાર બીજો કેપ્ટન બન્યો હતો. આ પહેલા માત્ર રોહિત શર્માએ ૫ વખત IPLનું ટાઈટલ જીતવાની સિદ્ધિ મેળવી છે. રોહિત શર્માની કેપ્ટનશીપમાં મુંબઈ ઈન્ડિયન્સે ૫ વખત આઈપીએલનું ટાઈટલ કબજે કર્યું છે. ચેન્નઈ સુપર કિંગ્સ સિવાય મહેન્દ્ર સિંહ ધોની રાઈઝિંગ પુણે સુપર જાયન્ટ્સ તરફથી રમી ચૂક્યો છે.



### ટ્રોફી જીતનારો પ્રથમ એમએલએસ ખેલાડી

# લિયોનેલ મેસ્સી આઠમી વખત બેલોન ડીઓર એવોર્ડથી સન્માનિત થયો

## મેસ્સીએ નોર્વેના યુઈએફએપ્લેયર ઓફ ધ યર એરલિંગ હાલેન્ડ અને માન્ચેસ્ટર સિટીના ત્રણ વખતના વિજેતા ગેર્ડ મુલરને હરાવીને આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો

। બ્રાઝિલ, તા.૩૧ ।

આર્જેન્ટિનાના કેપ્ટન અને ફૂટબોલ લેજેન્ડ લિયોનેલ મેસ્સીએ ફરી એકવાર ફૂટબોલનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત થયો છે. મેસ્સીને આઠમી વખત બેલોન ડી'ઓર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સાથે જ મેસ્સી બેલોન ડી'ઓર એવોર્ડ જીતનાર પ્રથમ એમએલએસખેલાડી બન્યો છે. લિયોનેલ મેસ્સી પેરિસના થિયેટર ડુ ચેટલેટ ખાતે ફૂટબોલનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ બેલોન ડી'ઓર એવોર્ડ આઠમી વખત જીત્યો છે. મેસ્સીએ નોર્વેના યુઈએફએપ્લેયર ઓફ ધ યર એરલિંગ હાલેન્ડ અને માન્ચેસ્ટર સિટીના ત્રણ વખતના વિજેતા ગેર્ડ મુલરને હરાવીને આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો છે. મેસ્સીએ ગયા વર્ષે ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સને હરાવીને આર્જેન્ટિનાને ૩૬ વર્ષમાં તેનું પ્રથમ ફિફા વર્લ્ડ કપ ટાઈટલ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ અગાઉ મેસ્સી ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૫, ૨૦૧૯ અને ૨૦૨૧માં આ એવોર્ડ જીતી ચૂક્યો છે. ઉલ્લેખનીય છે કે બેલોન ડી'ઓર ફૂટબોલનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ છે, જે વ્યક્તિગત ખેલાડીને આપવામાં આવતું સન્માન છે. તે દર વર્ષે ફૂટબોલ ક્લબ અને રાષ્ટ્રીય ટીમના ખેલાડીને તેના શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે આપવામાં આવે છે.

### દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં પ્રદૂષણ ખુબ જ વધ્યું

# બધું કાગળ પર જ છે, જમીનની વાસ્તવિકતા કંઈક જુદી છે : સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવતાં દિલ્હી અને પંજાબ સહિત પાંચ રાજ્યોને પૂછ્યું હતું કે પ્રદૂષણને રોકવા માટે શું પગલાં લીધાં



। નવી દિલ્હી, તા.૩૧ ।

દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાય દિવસથી પ્રદૂષણ ખુબ જ વધી રહ્યું છે ત્યારે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરતા આકરી પ્રતિક્રિયા આપી હતી જેમાં કહ્યું હતું કે બધું માત્ર કાગળ પર જ થઈ રહ્યું છે જમીનની વાસ્તવિક્તા કંઈક બીજી જ છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે દિલ્હી અને પંજાબ સહિત પાંચ રાજ્યોને પૂછ્યું હતું કે પ્રદૂષણને રોકવા માટે શું પગલાં લીધાં છે.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે દિલ્હી અને આસપાસના વિસ્તારમાં પ્રદૂષણ વધી રહ્યું હોવા છતાં પણ પંજાબમાં મોટી સંખ્યામાં પરાલ સળગાવવામાં આવે છે. આ ઉપરાંત કોર્ટે દિલ્હી, પંજાબ, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાનને સાત દિવસની અંદર એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. પાંચ રાજ્યોના મુખ્ય સચિવોએ સાત દિવસમાં જ એફિડેવિટ ફાઈલ કરવાની રહેશે. સુનાવણી દરમિયાન એર ક્વોલિટી મેનેજમેન્ટ ઓથોરિટીએ એફિડેવિટ આપીને કહ્યું કે પ્રદૂષણને રોકવા પૂરતા પગલા લેવામાં આવ્યા છે જો કે સુપ્રીમ કોર્ટ ઓથોરિટીના આ રિપોર્ટથી સંતુષ્ટ ન હતી. કોર્ટે કહ્યું કે પ્રદૂષણની સમસ્યા દર વર્ષે આપણી સામે આવે છે પરંતુ એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ)માં કોઈ ફોરફાર જોવા મળતો નથી.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કહ્યું કે અને પ્રદૂષણ રોકવા માટે ઘણા પગલાં લીધા છે પરંતુ આજે પ્રદૂષણની હાલત અત્યંત ખરાબ છે.

### ૪૦૦ કરોડની ખંડણી માંગી

# મુકેશ અંબાણીને ત્રીજીવાર જાનથી મારી નાખવાની ધમકી મળી છે

## પ્રથમ વખત મુકેશ અંબાણી પાસેથી ૨૦ કરોડ રૂપિયાની અને બીજી વખત ૨૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી



। નવી દિલ્હી, તા.૩૧ ।

એશિયા અને ભારતના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીને ત્રીજી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ વખતે ધમકી આપનાર વ્યક્તિએ ૪૦૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે. આ પહેલા મુકેશ અંબાણીને બે વખત ધમકી મળી હતી. પ્રથમ વખત મુકેશ અંબાણી પાસેથી ૨૦ કરોડ રૂપિયાની અને બીજી વખત ૨૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. સોમવારે મોકલવામાં આવેલા ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે જો પોલીસ મને શોધી શકતી નથી તો તેઓ મારી ધરપકડ કરી શકશે નહીં. ત્રીજો ધમકીભર્યો ઈમેલ પણ એ જ સરનામે આવ્યો છે જેમાંથી અગાઉના બે ધમકીભર્યા ઈમેલ આવ્યા હતા. ત્રીજા મેલમાં રકમ બમણી કરીને ૪૦૦ કરોડ રૂપિયા કરવાની માંગ કરવામાં આવી છે. દરમિયાન, મુંબઈ પોલીસ બંને મેલની તપાસ કરવામાં અને મોકલનારનું લોકેશન શોધવામાં વ્યસ્ત છે. પોલીસે બેલ્જિયમની વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક કંપની તરફથી મોકલવામાં આવેલા ધમકીભર્યા મેઈલની માહિતી મેળવવા ઈન્ટરપોલની મદદ માંગી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેનું આઈપી એડ્રેસ બેલ્જિયમનું છે અને આ મેઈલ shadabkhan@mailfence.com પરથી મોકલવામાં આવ્યો છે. પોલીસનું માનવું છે કે ધમકી આપનાર વ્યક્તિ અન્ય દેશની હોઈ શકે છે. તે ગેરમાર્ગે દોરવા માટે બેલ્જિયન VPN નો ઉપ યોગ કરી રહ્યું છે. અહેવાલ મુજબ ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે તમારી સુરક્ષા કેટલી કડક છે તેનાથી કોઈ ફરક પડતો નથી. પોલીસ મને ટ્રેક કરીને ધરપકડ કરી શકતી નથી. આ ધમકી બાદ મુંબઈ પોલીસે અંબાણીના દક્ષિણ મુંબઈના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દીધી છે. અંબાણીના સુરક્ષા પ્રભારી દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે આઈપીસીની કલમ ૩૮૭ અને ૫૦૬ (૨) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. ૨૭ ઓક્ટોબરે મુકેશ અંબાણીને પહેલો ધમકીભર્યો મેલ મોકલવામાં આવ્યો હતો અને બીજા દિવસે ૨૦૦ કરોડ રૂપિયાની માંગ સાથે બીજો મેલ આવ્યો હતો. આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં એક વ્યક્તિએ નાગપુર પોલીસના કંટ્રોલ રૂમમાં ફોન કરીને મુકેશ અંબાણીના ઘર એન્ટિલિયાને ઉડાવી દેવાની ધમકી આપી હતી, ત્યારબાદ પોલીસે તરત જ એન્ટિલિયાની સુરક્ષા કડક કરી દીધી હતી.

### દિલ્હી અને પંજાબમાં લિકર કૌભાંડ મામલે ઈડીની કાર્યવાહી

# લિકર કૌભાંડ મામલે ઈડીના આપના ધારાસભ્યના ઘરે દરોડા

## ધારાસભ્ય કુલવંત સિંહનાપંજાબના મોહાલીમાંઆ કાર્યવાહી હાથ ધરાઈ



। નવી દિલ્હી, તા.૩૧ ।

દિલ્હી અને પંજાબમાં લિકર કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્યના ઘરે દરોડા પાડ્યા છે. સુત્રોમાંથી કહેવામાં આવી રહ્યું છે કે આ કાર્યવાહી મોહાલીમાં ચાલી રહી છે. દિલ્હી અને પંજાબમાં લિકર કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ફરીએકવાર કાર્યવાહી કરતા આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્ય કુલવંત સિંહના ઘરે દરોડા પાડ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હાલ આ કાર્યવાહી પંજાબના મોહાલીમાં ચાલી રહી છે. આ અગાઉ દિલ્હી લિકર પોલિસી કૌભાંડ સાથે સંકળાયેલ મામલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ મોકલ્યું હતું અને ઈડીએ મુખ્યમંત્રીને ૨ નવેમ્બરે પૂછપરછ માટે બોલાવ્યા છે. આ અગાઉ સીબીઆઈએ એપ્રિલમાં કેજરીવાલની પુછપરછ કરી હતી. આ બાદ આમ આદમી પાર્ટીના સત્તાવાર ટ્વિટર હેન્ડર પરથી ટ્વિટ કરાયું હતું કે, કેન્દ્ર સરકારનો ઉદ્દેશ્ય આમ આદમી પાર્ટીને ખતમ કરવાનો છે. કેન્દ્ર સરકાર નકલી કેસ બનાવી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જેલમાં બંધ કરવા માંગે છે. તો બીજીતરફ દિલ્હીના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે, કેન્દ્ર સરકારની ઈડીએ કેજરીવાલને ૨ નવેમ્બરે બોલાવ્યા છે. સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, ભાજપ કોઈપણ ભોગે આપને ખતમ કરવા માંગે છે. તેઓ નકલી કેસમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ અને આપને ખતમ કરવા માંગે છે. ૨૦૨૧ની ૨૨મી માર્ચે મનીષ સિસોદિયા એ નવી લિકર પોલિસીની જાહેરાત કરી હતી. ૧૭ નવેમ્બર-૨૦૨૧ના રોજ નવી લિકર પોલિસી એટલે એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ લાગુ કરવામાં આવી. નવી લિકર પોલિસી આવ્યા બાદ સરકાર કારોબારમાંથી બહાર નીકળી ગઈ અને તમામ દારુની દુકાનો ખાનગી હાથોમાં જતી રહી. નવી લિકર પોલિસી લાવવા પાછળનો સરકારનો હેતુ હતો કે, આમ કરવાથી માફિયા રાજ ખતમ થઈ જશે અને સરકારની આવકમાં વધારો થશે.

## તંત્રી લેખ...

# ભારતનું યોગ્ય પગલું

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતા લોહિયાળ સંઘર્ષને અટકાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં લાવવામાં આવેલ પ્રસ્તાવથી ભારતે અંતર બનાવીને બિલકુલ યોગ્ય જ કર્યું. ભલે જોર્ડન દ્વારા લાવવામાં આવેલ આ પ્રસ્તાવમાં માનવીય આધાર પર ગાઝામાં સંઘર્ષ વિરામની અપીલ કરવામાં આવી હોય, પરંતુ તેમાં ના તો ઈઝરાયલ પર હમાસના બર્બર હુમલાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો અને ના તેના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયલના બસોથી વધુ લોકોને બંધક બનાવવાનો પણ ઉલ્લેખ કર્યો! આ તો બિલકુલ એકપક્ષીય પ્રસ્તાવ જ છે, જેમાં દોષનો ટોપલો માત્ર ઈઝરાયલ પર ઢોળવાનો ઈરાદો છે. આખરે આવા કોઈ પ્રસ્તાવને માનવીય આધારવાળો કેવી રીતે કહી શકાય, જેમાં ૧૪૦૦થી વધુ નિઃશસ્ત્ર લોકોની બર્બર રીતે હત્યા કરનારાઓની નિંદા કરવાથી બચવામાં આવ્યું હોય અને એ તથ્યને ઓઝલ કરી દેવાયું હોય કે ઈઝરાયલની સાથે કેટલાક બીજા દેશોના બસોથી વધુ લોકો લોકોને હમાસના આતંકીઓએ બંધક બનાવી રાખ્યા છે? આ બંધકોમાં મહિલાઓ અને બાળકો પણ છે. હમાસના આતંકી આ બંધક બનાવેલા લોકોની આડ લઈને ઈઝરાયલમાં હજુ પણ રોકેટો દાગી રહ્યા છે. જોકે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં લાવવામાં આવેલ આ પ્રસ્તાવમાં હમાસના હુમલાનો ઉલ્લેખ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો, પરંતુ તેનો સ્વીકાર ન કરવામાં આવ્યો! આ સ્થિતિમાં ભારત સમક્ષ એ જ એક વિકલ્પ બાકી રહ્યો હતો કે તે આ એકપક્ષીય પ્રસ્તાવથી દૂર જ રહે. ભારત સાથે ૪૪ દેશોએ ઉપરોક્ત પ્રસ્તાવ પર થયેલ મતદાનમાં ભાગ ન લીધો અને ૧૪ દેશોએ તેના વિરોધમાં મતદાન કર્યું. જોકે ૧ ૨ ૧ દેશોએ આ પ્રસ્તાવના પક્ષમાં મતદાન કર્યું, તેથી તે પસાર તો થઈ ગયો, પરંતુ તેનાથી કશું જ હાંસલ થવાનું નથી. આ એક નિરર્થક અને નિષ્પ્રભાવી પ્રસ્તાવ છે. આ પ્રસ્તાવ એ જ દર્શાવે છે કે કઈ રીતે કેટલીય વાર બહુમત ખોટો સાબિત થાય છે કે પછી નીર-ક્ષીર વિવેકનો ઉપયોગ નથી કરતો. આખરે જે માનવીય આધાર પર સંઘર્ષ વિરામ રોકવાનો આગ્રહ કરવામાં આવ્યો, એ જ માનવીય આધાર પર હમાસને બંધકોને છોડી મૂકવાની અપીલ કેમ ન કરી શકાઈ? શું બંધક બનાવેલા લોકોનો કોઈ માનવાધિકાર નથી? એ દુર્ભાગ્યની વાત છે કે જ્યારે બધાની સહમતિથી એક સંતુલિત પ્રસ્તાવ લાવીને તેને સાર્થક બનાવી શકાતો હતો, ત્યારે એક એવો પ્રસ્તાવ લાવવામાં આવ્યો, જે સમસ્યાના સમાધાનમાં સહાયક સાબિત નહોતો થવાનો. એ સમજવું મુશ્કેલ છે કે કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીને આ પ્રસ્તાવથી ભારત દૂર રહેવા પર આશ્ચર્ય કેમ થઈ રહ્યં છે? શું તેઓ અજાણ છે કે ભારત કઈ રીતે હમાસ જેવા આતંકી સમૂહોના હુમલાનો શિકાર બનતું રહ્યું છે? નિઃસંદેહ તેઓ એનાથી અજાણ નહીં હોય કે ૭ ઓક્ટોબરે હમાસે ઈઝરાયલ પર જે ભીષણ હુમલો કર્યો, તે મુંબઈમાં થયેલ આતંકી હુમલાની યાદ દેવડાવે છે. હમાસના હુમલાનો ઉલ્લેખ નહિ કરતા પ્રસ્તાવના પક્ષમાં ઊભા રહેવાનો મતલબ થાય જાણીજોઈને આતંકવાદ સામે આંખ આડા કાન કરવા.

## આતંક પર લગામ કસતી એનઆઈએ

દેશમાંફેલાયેલીઆતંકનીજાળપરનેશનલઈન્વેસ્ટિગેશન એજન્સી એટલે કે એનઆઈએની કાર્યવાહી સતત ચાલુ છે. હાલમાં જ એનઆઈએએ છ રાજ્યોમાં ૨૯ સ્થળો પર પીએફઆઇ એટલે કે પોપ્યુલર ફ્રંટ ઓફ ઈન્ડિયાના અલગ-અલગ ઠેકાણાં પર છાપામારી કરી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પીએફઆઇ પર પ્રતિબંધ લાગ્યા બાદથી એનઆઈએની તેના વિરુદ્ધ આ છઠ્ઠી મોટી કાર્યવાહી છે. આ કાર્યવાહી પટનાના ફુલવારી શરીફ કેસની તપાસના અનુસંધાનમાં થઈ છે. ફુલવારી શરીફ કેસ એ છે, જેમાં પીએફઆઇના એક એકમ પાસેથી ૨૦૪૭ સુધીમાં ભારતનું સંપૂર્ણ ઈસ્લામીકરણ કરવાના સનસનીખેજ દસ્તાવેજો મળી આવ્યા હતા. આ મામલે બિહાર પોલીસથી લઈને એનઆઈએએ મેમાં ત્રણ રાજ્યોનાં ૨૫ સ્થળો પર એકસાથે છાપામારી કરી. એનઆઈએ જે રીતે પીએફઆઈનાં ઠેકાણાં પર સતત કાર્યવાહી કરી રહી છે, તેનાથી ખબર પડે છે કે એજન્સી આ સંગઠનને મૂળમાંથી ઉખાડી ફેંકવા માટે પ્રતિબદ્ધ છે. એનઆઈએની સક્રિયતાએ ન માત્ર પીએફઆઇના મનસૂબા પર પાણી ફેરવ્યું, બલ્કે ખાલિસ્તાની ઉગ્રવાદીઓ, ડાબેરી ચરમપંથીઓ અને અન્ય ઈસ્લામી કટ્ટરપંથી સમૂહો પર પણ પ્રહાર કરવામાં આવ્યા. આંતરિક સુરક્ષા મોદી સરકારની પ્રાથમિકતાઓમાં એક છે. તેના માટે મોદી સરકારે વિભિન્ન એજન્સીઓ બનાવી છે. સાથે જ આતંકવાદ નિરોધક કાયદા યુએપીએ અને એનઆઈએ એક્ટમાં સંશોધન કરીને તેમને સશક્ત બનાવવામાં આવી છે. ૨૦૦૮માં રચાયેલ એનઆઈએને ધાર અને તી-ણતા ૨૦૧૪ બાદ એનડીએ કાળમાં જ મળ્યા છે. યુપીએ શાસનમાં જે એનઆઈએનું કાર્યાલય એક મોલમાં ભાડાની ઓફિસમાં સંચાલિત હતું, તેના સ્થાયી મુખ્યાલયનો પાયો ૨૦૧૫માં મોદી સરકારે નાખ્યો. આ મુખ્યાલય બન્યા પહેલાં એનઆઈએ પાસે પૂછપરછ માટે યોગ્ય જગ્યા પણ ન હતી અને આરોપીઓને સીબીઆઇ ઓફિસ કે સુદૂર છાવલા સ્થિતિ બીએસએફ કેમ્પ લઈ જવા પડતા હતા. યુપીએ સમયે એનઆઈએની સ્થિતિ એટલી દયનીય હતી કે ગૃહ મંત્રાલય દ્વારા મહાનિરીક્ષક લોકનાથ બહેરાને ઈસરત જહાં મામલે ડેવિડ કોલમેન હેડલીની સાક્ષી એસઆઈટીને આપવાથી રોકી દેવામાં આવ્યા હતા. અમિત શાહ ગૃહમંત્રી બન્યા બાદ રાષ્ટ્રીય તપાસ એજન્સીનો બહુ ચમત્કારિક રૂપે વિસ્તાર થયો છે. તેના ક્ષેત્રીય કાર્યાલયોની સંખ્યા ૯ થી વધીને ૧૮ થઈ ગઈ છે. અમિત શાહે એલાન પણ કર્યું હતું કે ૨૦૨૪ સુધી દરેક રાજ્યમાં એનઆઈએનું કાર્યાલય હશે. એનઆઈએનો અધિકાર ક્ષેત્ર વધ્યા બાદ તેની ગતિવિધિઓમાં અભૂતપૂર્વ સક્રિયતા જોવા મળી છે. એનઆઈએ હવે સંગઠનો ઉપરાંત વ્યક્તિઓને પણ આતંકી સાબિત કરી શકે છે. તેણે અત્યાર સુધી ત્રણ ડઝનથી વધુ લોકોને આતંકી જાહેર કર્યા પણ છે. આ એટલા માટે જરૂરી હતું, કારણ કે હંમેશાં જોવામાં આવ્યું છે કે એક સંગઠન પર પ્રતિબંધ લાગતાં તેના લોકો બીજા ચરમપંથી સંગઠન બનાવી લેતા હતા, પરંતુ વ્યક્તિઓને જ આતંકી જાહેર કરવાથી એવું કરી શકવું હવે મુશ્કેલ થઈ ગયું છે. એની અવગણના ન કરી શકાય કે પીએફઆઈને આતંકી સંગઠન સિમીનું જ રૂપ માનવામાં આવે છે. ૨૦૧૯માં લાવવામાં આવેલ સંશોધન બાદ હવે એનઆઈએ દેશ જ નહીં, બલ્કે વિદેશમાં બનાવવામાં આવેલ આતંકી યોજનાઓની નોંધ લઈને એના પર કાર્યવાહી કરી શકે છે. આ પગલાએ વિશેષ રૂપે ખાલિસ્તાની આતંક પર લગામ કસવામાં મદદ કરી છે.

# દિવાળીનો તહેવાર સાવ ઢૂકડો આવી ગયો છે, છેલ્લી ઘડીની ખરીદી માટે એક વાર્તા રૂપે આ બોધકથા



### સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.


શશાંક અને શ્રેયા વળી પાછા આજે બજારમાં ઉપાડ્યા, કોણ જાણે કેટલુંય આજ સુધીમાં ખરીદી લીધું હતું, પરંતુ આ વખતે આખું કુટુંબ એમના ઘરે દિવાળી કરવાં આવવાનું હોવાથી, કોઈને અગવડ ન પડે એવી રીતે બધી જ તૈયારી કરવા માંગતા હતાં. આમ પણ એમના લગ્ન પછી બધા પહેલીવાર આ રીતે આવતા હતાં. શશાંક ને એ લોકો ચાર ભાઈઓ અને એક બહેન, એટલે એમ ગણોને કે ઓછામાં ઓછા ૧૫ જણા ભેગા થવાના હતા અને પોતે ૨ એટલે ૧૭ જણાની સગવડતા માટે વિચારવાનું હતું. ત્રણ મહિના પહેલા જ શશાંકે નવું ઘર લીધું હતું, અને એ પણ ખાસ્સું સ્પેશ્યસ હોવાથી, આખા કુટુંબનો તો એમાં સમાવેશ થઈ જાય એમ હતું. પાંચ બેડરૂમ હતાં અને મોટો હોલ, એટલે એ રીતે કંઈ પ્રશ્ન ન્હતો. તો સિનિયર સિટીઝનમાં પણ મમ્મી પપ્પા બે જ હતાં, બાકી બધાં જ યંગ હતાં, એટલે બીજી કોઈ તકલીફ નહોતી. પરંતુ આજકાલ બધાં જ પોતાના ઘરે ખૂબ જ સગવડતા ભર્યું જીવન જીવતા હોવાથી, કોઈને અગવડ ન પડે, એ પણ વિચારવું પડે. દરેકના રૂમમાં બેસ્ટ ક્વોલિટીના શેમ્પુ, સાબુ, હેર ઓઈલ બોડી લોશન અને શેવિંગ ક્રીમ શ્રેયાએ ગોઠવી દીધા હતાં, તો ફેસ પાવડર, વોશિંગ પાવડર, અને બે-ચાર રહ્નોજિર પણ રાખી દીધાં હતાં. કોઈ ભૂલી જાય તો! આ ઉપરાંત દરેક માટે ટુવાલ અને નેપ કીન પણ એક્સ્ટ્રા રાખ્યા હતાં. દરેક રૂમ તથા વોશરૂમની લાઈટ, પંખા એ.સી બધું જ ચેક કરી લીધું હતું, અને નાઈટ લેમ્પ પણ નખાવી દીધા હતાં. પાણીના નળ સાવર વગેરે પણ ચેક કરાવી લીધાં હતાં, કે છેલ્લી ઘડીએ કોઈ તકલીફ ઊભી થાય નહીં. કારણકે તહેવારમાં માણસો કામ કરવા ન આવે તો, બધાના રંગમાં ભંગ પડે. કોઈને ઠંડી પણ લાગે, એવું વિચારી ને બ્લેક્ટ પણ ગોઠવી દીધા હતાં. તો પ્રાથમિક મેડિકલ સુવિધા પણ તાત્કાલિક મળી રહે એ માટે વીક્સ, બામ, આયોડેક્સ સોફ્રામાઈસીન બર્નોલ પેરાસીટામોલ અને ડીસપ્રીન સુદર્શન ઘનવટી ત્રિશૂન વગેરે પણ લઈ રાખ્યું, અને થર્મોમીટર, બીપીનું મશીન પણ મમ્મી પપ્પાની તબિયતને અનુલક્ષીને લઈ રાખ્યું હતું. તેમજ બે ચાર ડોક્ટરના કોન્ટેક્ટ નંબર પણ લઈ રાખ્યા હતાં.

નાસ્તા અને જમવા માટે પણ બધી જ સગવડતા થઈ ગઈ હતી, બે ડિનર સેટ, ૧૨ થાળી-વાટકા, ચમચી ડીશ વગેરે કપ-રકાબી, કોફી મગ, અને નાસ્તાની ડીશ વગેરે મેડેથી ઉતરાવી સાફ કરાવી લીધાં હતાં, તો ડિસ્પોઝેબલ ડીશ વગેરેની પણ વ્યવસ્થા રાખી હતી. કદાચ એક દિવસ બાઈ ન આવે તો એ પણ મેનેજ થઈ જાય, અને બે-ત્રણ પાર્સલ સર્વિસનાં એડ્રેસ લઈ રાખ્યા હતાં. આ ઉપરાંત કોરો નાસ્તો ચેવડો, ચવાણું, મઠીયા, ફાફડા, ચક્રી, ફરસી પૂરી, ગળી પૂરી, મેથીની પૂરી, અને જાતજાતની મીઠાઈ અને કુકીઝ વગેરે પણ મેનેજ થઈ ગયું હતું. સવાર સાંજ જમવાનું મેનુ પણ નક્કી થઈ ગયું હતું, અને સવારે ટ્રેડીશનલ અને સાંજે રોજ બધાની પસંદ મુજબ ફયુઝન રેસિપી નક્કી કરી હતી, અને એની માટે જરૂરી શાકભાજી, ફ્રુટ, ડ્રાય ફ્રુટ, ઘી ઓલીવ ઓઈલ બટર, ચીઝ, વગેરે,અને બધીજ પ્રકારના દાળ ચોખા વગેરે પણ લઈ રાખ્યું હતું. તહેવારમાં કામ કરવા માટે પણ બધાજ સાથે સ્પષ્ટ વાત કરી લીધી હતી, અને કોઈ એ રજા પાડવાની નથી, અને એની માટે એક દિવસનાં દરેકને રુપિયા ૫૦૦ એક્સ્ટ્રા પણ આપવાનાં હતા.

આજનો છેલ્લો દિવસ હતો,આવતીકાલથી તો પરિવારના સભ્યો આવવાનાં શરૂ થઈ જશે, સૌથી પહેલાં મમ્મી પપ્પા આવશે, પછી એની પછી મોટાભાઈ ભાભી એની પછી દીદી જીજુ, અને એની પછી છેલ્લે બે નાના ભાઈઓ, કે જેને એક રજા મળે તેમ હતી છતાં બીજી બે રજા મેનેજ કરી અને આવતા હતાં. શ્રેયા આજે સવારથી જ બધા જ રૂમમાં છેલ્લીવારનું અવલોકન કરી રહી હતી, અને બાથરૂમમાંથી બહાર નીકળતા જ પગલૂછણીયા પર પગ આવતાં, તેને લાગ્યું કે આ પગલૂછણીયા ચાલે તેવા નથી, અને કદાચ ને મમ્મી કે પપ્પા સ્લીપ થઈ જાય તો ડોક્ટર પણ માંડ મળે. એટલે એને તાત્કાલિક શશાંકને કહ્યુ કે આજે આપણે હજી એક વાર બજાર જવું પડશે, અને જાડાં ડોરમેટ છેવટે બે પગ લુછણીયા તો લાવવા જ પડશે. મોટાભાઈ ભાભી અમે મમ્મી પપ્પાના બાથરૂમ આગળ રાખવા માટે, એને ખરેખર બહુ જ કંટાળો આવતો હતો, કારણ કે ઓનલાઈન પણ કેટલું શોપિંગ થયું. દરેકને દેવાની ગિફ્ટ તો શ્રેયાએ ઓનલાઈન ખરીદી લીધી હતી, પણ આવું નાનું નાનું બધું યાદ આવતું જાય તેમ કેટલીય વાર તો શ્રેયા એકલી પણ બજાર ગઈ હતી. પણ આજે તેણે કહ્યુ કે આજે આપણે બંને જઈ અને આ ઝડપથી લઈ આવીએ. કારણ કે રીક્ષામાં બહુ વાર લાગશે, અને મારે ઘરે પણ હજી થોડી તૈયારી બાકી છે. શશાંકે પણ હા પાડી, કારણ કે આમ પણ એને પણ દારૂખાનું લેવાનું હતું. બંને જણા સાંકડી ગલીમાં જવાનું હોવાથી બાઈક પર નીકળ્યા હતાં, અને નામ પગલૂછણીયાનું હતું પણ બીજું નાનું નાનું પણ કઈક ખરીદાય, એટલે એક થેલો એનો અને એક થેલો દારુખાનાનો, એમ બબ્બે થેલા બાઈક પર મેનેજ કરતો કરતો શશાંક બાઈક ચલાવી રહ્યો હતો, અને પોતે બિલકુલ સેઈફસાઈટ પર હતો. છતાં સામેથી આવતાં વાહનનો ટ્રાફિક,અને લાઈટ બધું જ એકસાથે થઈ જતાં બાઈક થોડી સ્લીપ થઈ ગઈ, અને બંને જણા પડી ગયાં. તાત્કાલિક માણસોનું ટોળું ભેગું થઈ ગયું, શ્રેયાને તો થોડું વધારે વાગ્યું હતું, એના ચશ્મા પણ તૂટી ગયાં અને શશાંકને એક હાથ પર વધુ વજન આવી ગયું હોવાથી, એક હાથે કદાચ ફેક્ચરની શક્યતા હતી. તાત્કાલિક ૧૦૮ આવી, અને બંનેને હોસ્પિટલમાં લઈ જવાયા, તાકડે ડોક્ટર પણ રજા ઉપર જવાના હતાં, એટલે ઉતાવળમાં હતાં. પરંતુ સમયસર આવી ગયા માટે બંનેની તપાસ થઈ ગઈ, અને ઈશ્વર કૃપા તેમજ વડીલોના આશિર્વાદ ને કારણે બંનેમાંથી કોઈને ફેક્ચર જેવી ગંભીર ઈજા પણ ન થઈ, કે માથામાં પણ વાગ્યું નહીં, અને ચશ્મા ફૂટ્યા હોવા છતાં આંખ પણ બચી ગઈ. ગઈકાલે બપોરનાં તો પરિવારના લોકો પણ આવવાનાં શરૂ થઈ જશે, શ્રેયાને તો ખૂબ જ ચિંતા થતી હતી, પણ ફેક્ચર થયું નહોતું, પરંતુ પાટાપિંડી તો થોડી આવી જ. ત્રણ કલાકને અંતે બંને જણા એમ્બ્યુલન્સમાં ઘરે આવ્યાં, આડોશી પાડોશીને પણ ચિંતા થવા લાગી, શશાંક અને શ્રેયાનો સ્વભાવ ખૂબ જ સારો હોવાથી, તાત્કાલિક બધાં પાડોશી ઓ વારાફરતી આવી ગયા હોવાથી, એમ તો પ્રમાણમાં બહુ તકલીફ પડી નહીં, અને મિત્રોએ પણ ફોન કરી, તેમાં જ રૂબરૂ આવી ખબર અંતર પૂછ્યા. શશાંકે એરપોર્ટ પર લેવા જવા માટે, બે-ત્રણ ભાઈબંધોને સૂચનાઓ આપી દીધી, અને બધા એ હા પણ પાડી દીધી. શ્રેયાને ગોઠણ છોલાઈ ગયો હતો, બાકી નોર્મલ હતું. જ્યારે શશાંકને કોણી એ વાગ્યું હોવાથી ત્યાં મુઢ મારને કારણે સખત પેઈન હતું, એટલે એમ એકંદરે બચી ગયા એમ જ કહી શકાય. બધા સ્નેહીજનો આવી ગયાં, અને પ્રશાંત અને શ્રેયાને આ છેલ્લી ખરીદી પર સારી એવી ડાંટ પણ પડી, આમ રંગમાં ભંગ પડતાં પડતાં રહી ગયો.

મિત્રો તહેવારની ખુશી કોને ન હોય, અને સૌ કોઈ પોતપોતાની રીતે એને સ્પેશિયલ બનાવવા માંગતા હોય, અને એમાં પણ જ્યારે ખાસ કરીને કોઈ સ્વજન દિવાળી કરવા આવવાનું હોય, ત્યારે તેને કોઈ તકલીફ ન પડે, એવી બધાને જ ઈચ્છા હોય. પરંતુ છેલ્લી ઘડીએ આવી, કોઈ ખરીદીને મહત્વ ન આપવું, બજારમાં પણ અત્યારે સખત ટ્રાફિક હોવાથી, ટ્રાફિક ના નિયમો મુજબ સ્કૂટર, ગાડીઓ ચાલતી ન હોય, ત્યારે ગમે ત્યારે એક્સીડન્ટ થવાની શક્યતા રહે, અને આ ખરીદી કદાચ છેલ્લી જ ખરીદી બની જાય!! એવું પણ બને. એટલે સાવચેતી અને સાવધાની માટે આ એક પ્રસંગ અહી રજુ કર્યો છે.

# સરદાર સાહેબે અવાર-નવાર જુદા-જુદા પ્રસંગોએ એક યા બીજા કાર્યક્રમોમાં પોતાના મંતવ્યો લોકો સામે મૂક્યા છે



સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મજયંતી દેશ ઉજવી. સરદાર પટેલ હંમેશાં પોતાની દ્રઢતા અને દૂરંદેશીથી ઓળખાતા રહ્યા છે, એ જ દ્રઢતા અને દૂરંદેશીથી ચાલતું 'સરદાર ગુર્જરી' અખબાર સતત ૨૩ વર્ષથી આપની સેવામાં છે. દેશભરમાં આજે સરદાર પટેલને લોકો ગૌરવભેર યાદ કરી રહ્યા હશે. 'સરદાર પટેલ આજે હોત તો તેમની ઝંખના શું હોત?' એ વિષય પર તેમના વિચારો પ્રગટ કરવા આમંત્રણ આપ્યું. કારણ કે સરદારના જીવન-કવન વિશે તો મોટાભાગના લોકો સારી રીતે વાકેફ જ હશે, પરંતુ આજના પરિપ્રે-યમાં સરદારના વિચારોનું કેવું મૂલ્ય હોત, તેઓનું જેવું વ્યક્તિત્વ હતું તે જોતાં આજના સમયે તેમણે કેવા દ્રઢ નિર્ણયો લીધા હોત, કેવાક મક્કમ સુધારા કર્યા હોત એ વિષય પર વિવિધ ક્ષેત્રના વિદ્વાનોના વિચારોને અખબારનાં પાનાં પર પાથરીને સરદાર વલ્લભભાઈ પટેલને તેમની જયંતીએ વિશેષરૂપે યાદ કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે...

સરદાર પટેલ આજે હોત તો તેમની ઝંખના શું હોત? આજે આપણું રાષ્ટ્ર પ્રાંતવાદ, ભાષાવાદ, કોમવાદ, આતંકવાદ, રાજકારણીઓની સ્વાર્થપરાયણતા, વહીવટી તંત્રની નિંભરતા, ન્યાયતંત્રની શિથિલતા, પોલીસતંત્રની નિષ્ઠુરતા, મીડિયાતંત્રની નિરંકુશતા અને પિક્ષલતા વગેરે ઘણા પ્રશ્નોનો સામનો કરી રહ્યું છે. ભય, ભૂખ અને ભ્રષ્ટાચારથી ત્રસ્ત સમાજ, જાહેર જીવનમાં નૈતિક મૂલ્યો અને આદર્શોનું પતન, રાષ્ટ્રીય ચેતના, ચારિત્ર્ય અને અસ્મિતાનું ચીરહરણ જેવી સમસ્યાઓથી પણ આપણું રાષ્ટ્ર ઘેરાયેલું છે. પરંતુ સૌથી મહત્ત્વના બે પડકારો આપણી સમક્ષ છે, તે છે ભારતીય સંસ્કૃતિ અને અસ્મિતાનું સંરક્ષણ અને ધર્માંધતાનો પ્રતિકાર.

આ સંજોગોમાં મનમાં તુરત એવો વિચાર ઊઠે છે કે આજે જો સરદાર પટેલ જીવિત હોત તો તેમની મનોદશા અને પ્રતિભાવ કેવા હોત?

આઝાદી મળતાં જ એમણે આપણા દેશને એક અને અખંડ બનાવવા માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. પાંચસો પાંસઠ દેશી રજવાડાંઓમાં વેરવિખેર આપણા દેશને પોતાની કોઠાસૂઝ અને દૂરંદેશી દ્રષ્ટિથી ભારતીય સંઘરાજ્યમાં પરિવર્તિત કર્યો હતો. જે રાજકીય કુનેહ અને સફળ વ્યૂહરચનાથી આપણા દેશને એકસૂત્રે બાંધ્યો હતો. એ સૂત્રના તાંતણા ઢીલા પડતા જાય, તૂટતા જાય અને દેશનું પોત વીંખાતું પીંખાતું જાય એ ઘટના તેઓ બરદાસ્ત કરી શક્યા ન હોત. અનેક રજવાડાંઓમાં વેરવિખેર દેશની પ્રજાને એકસૂત્રે સાંકળી અને જોડી આપવી એ કોઈ નાનીસૂની વાત કે સફળતા ન હતી. એ હરક્યુલન ટાસ્ક હતી અને એ ટાસ્ક એમણે પરિપૂર્ણ કરી હતી. માટે તો એ સરદાર કહેવાયા હતા. આજે દેશમાં ધર્મ-ધર્મ, કોમ-કોમ, સંપ્રદાય-સંપ્રદાય, પંથ-પંથ વચ્ચે વિશ્વાસની જે કટોકટી ઊભી થઈ છે અને સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રે જે ફાંટાઓ, ફિરકાઓ અને વાડાઓ ઊભા થઈ રહ્યા છે એ આપણા દેશને અંદરથી ખોખલો કરી રહ્યા છે. સ્વતંત્રતાના સાડા સાત દાયકાઓમાં પણ જો આપણે આ પડકારનો દ્રઢતા અને મક્કમતાથી સફળતાપૂર્વક સામનો ન કરી શક્યા હોઈએ અને આપણી લાચારી અને વિવશતાનો અનુભવ કરતા હોઈએ તો એ ઘણી શોચનીય બાબત છે.

ધર્મને નામે ચાલતા ધતિંગો, આડંબરો અને રમખાણો પ્રજાની સંપ અને સહકારની ભાવનાને તથા રાષ્ટ્રની એક્તા અને અખંડિતતાને નષ્ટભ્રષ્ટ કરીર હ્યા છે. ધર્મ આપણા રાષ્ટ્રની ધારક ભૂમિ છે. ધાર્મિક આસ્થા આપણી પ્રજાની કરોડરજ્જુ છે એ વાત વિસરાઈ રહી છે. ધાર્મિક અને પંથિક અંધતા અને મૂઢતાને કારણે પ્રજા અરાજકતા, અસલામતી અને અસહિષ્ણુતાનો ભોગ બની રહી છે. પરિણામે આપણી સંસ્કૃતિ, જે સમગ્ર વિશ્વમાં સૌથી પુરાણી અને આજ સુધી સાતત્યપૂર્ણ રહી છે એને બેહદ નુક્સાન થઈ રહ્યું છે. શાંતિચાહના, સહકારિતા, સમભાવ અને સમદૃષ્ટિ જેવાં મૂલ્યોનું પાલન અને જતન કરનારી આપણી સંસ્કૃતિ અને તેની અસ્મિતાના સંરક્ષણની આજે તાતી જરૂરિયાત ઊભી થઈ છે. મતલબ કે આઝાદ થયા બાદ આપણે વિચારવંત, ચારિત્ર્યવાન અને રાષ્ટ્રપ્રેમી નાગરિકોનું શિક્ષણ દ્વારા ભણતર, રાષ્ટ્રીય ભાવ-ભાવનાઓ, આદર્શો-આચારો, મૂલ્યો-પરંપરાઓનું કેળવણી દ્વારા ઘડતર અને પ્રજા ચારિત્ર્યના નિર્માણ વડે રાષ્ટ્ર ચારિત્ર્યનું ચણતર કરવાનું હતું એમાં નિષ્ફળ ગયા છીએ.

આજે જો સરદાર જીવતા હોત તો આવા પ્રશ્નો અને સમસ્યાઓ વકર્યા કે વિકસ્યા ન હોત. સરદારની સૂઝબૂઝ વડે આપણે રાષ્ટ્રના ઉત્કર્ષ અને વિકાસનો દ્રઢ સંકલ્પ, એને સિદ્ઘ કરવા માટે લોખંડી મનોબળ, વ્યાવહારિક અને રાજકીય દૂરંદેશી દાખવી સરકારી વહીવટી ન્યાય મીડિયા વગેરે તંત્રોને જવાબદેહી અને હિસાબદેહી બનાવી શક્યા હોત. સરદારની ઝંખના એ હોત કે આપણું રાષ્ટ્ર કોઈ રીતે નબળું ન પડે, એની આન, બાન અને શાનમાં શતગુણી વૃદ્ધિ થાય, સમગ્ર વિશ્વનું માર્ગદર્શન કરી શકે એવું આપણું રાષ્ટ્ર વિશ્વગુરુ બને, સર્વોચ્ચ શક્તિશાળી રાષ્ટ્ર બને. સ્વાતંત્ર્યવીરોની ઝંખના હતી તે પ ૂર્ણપણે સાકાર થાય. સરદાર પટેલ આજે હોત તો તેમની ઝંખના શું હોત? એક ખેડૂતનો છોકરો આપ સૂઝ, કોઠાસૂઝ, કઠોર પરિશ્રમ અને નીડરતા તથા અનન્ય રાષ્ટ્રભક્તિથી પોતાની જાતને મહાન બનાવવાની સાથે-સાથે પોતાના રાષ્ટ્રને મહાન બનાવવામાં જે બેનમૂન યોગદાન આપી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂ.સરદાર સાહેબનું જીવન છે. એમનું જીવન જ જીવનલક્ષી કેળવણી માટેની એક ઉત્તમ યશપોથી જેવું છે. કોઈપણ પ્રજાની સંસ્કૃતિના ઘડતરમાં મહાપુરૂષોએ મહાન આદર્શોનું સિંચન કર્યું હોય છે. મહાપુરૂષોની પ્રેરણામાંથી દેશની શિક્ષણ પ્રણાલી ઘડાતી હોય છે. મહાપુરૂષ લોકોને ઉપદેશ આપે છે, પોતાના મંતવ્યો રજૂ કરે છે. એમના ઉપદેશ પાછળ જનકલ્યાણની જ ભાવના તેમજ આદર્શ માનવીની, આદર્શ સમાજની, આદર્શ રાષ્ટ્રની ભાવનાનું દર્શન થતું હોય છે. સરદાર સાહેબે અવાર-નવાર જુદા-જુદા પ્રસંગોએ એક યા બીજા કાર્યક્રમોમાં પોતાના મંતવ્યો લોકો સામે મૂક્યા છે, જેમાં સમાજ, સાહિત્ય, રાજકારણ, અર્થશાસ્ત્ર, વેપાર, ખેતી, સ્વરાજ્ય, કેળવણી, સ્ત્રી-શિક્ષણ વગેરે વિષયો સાંપડે છે. અહીં આપણે સરદાર સાહેબ કેળવણી અંગે શું ઝંખતા હતા, તે વાત મૂકવી છે. સરદાર સાહેબના કેળવણી અંગેના વિચારોમાં કેળવણીનો અર્થ, કેળવણીના ધ્યેયો, કેળવણીની સંસ્થાઓ, શિક્ષણનું માધ્યમ અને સ્ત્રી-શિક્ષણ અંગેની વાતો વધુ મળે છે.

કેળવણીની સ્પષ્ટતા કરતાં કહે છે-'આજે જે કેળવણી આપવામાં આવે છે એ પોપટના જેવી છે. એમાં વિદ્યાર્થીના દિલનો અને શરીરનો એકતાર થતો નથી, નથી એનો માનસિક અને શારીરિક વિકાસ થતો.' 'આજની કેળવણી એવી છે કે કેળવણી લીધેલાને કામ કરતાં શરમ આવે છે.' 'બાળકો હાથ-પગ ચલાવતા નથી તેથી તે ભણી રહે છે ત્યારે એનાથી કંઇ થતું નથી.' 'તમે ભારે કેળવણી લો છો તેથી તમારા ગરીબ ભાઇઓને ન ભૂલશો. તેમના પરસેવાના પૈસાથી તમને કેળવણી મળે છે. તમે ગમે તેવી કેળવણી લો પણ એવા ન બની જજો કે ગરીબ ખેડૂતોમાં તમે જાઓ તો ખેડૂતોના બળદ જેમ મોટર જોઇને ભડકે તેમ ખેડૂતો તમને જોઇને ભડકીને ભાગી જાય.' 'પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન. એટલું જ તમે શીખો તો વિદ્યાપીઠના તમે સારામાં સારા સ્નાતક થઇ શકો.' સરદાર સાહેબના કેળવણી વિષયક આ વિચારોમાં જાણી શકાય છે કે અક્ષરજ્ઞાન એ કેળવણી નથી પણ વ્યક્તિનો માનસિક, શારીરિક, નૈતિક અને સામાજિક વિકાસ સાધે તે જ સાચી કેળવણી. માત્ર બૌદ્ધિક કેળવણીને તેમણે 'વંઠેલની કેળવણી' કહી બૌદ્ધિક સાથે આ બાબતોને પણ અનિવાર્ય ગણાવી છે. સરદાર સાહેબ આપણા દેશના સાંસ્કૃતિક વારસા વિશે પણ જાગ્રત હતા, તેથી વિદ્યાપીઠના સ્નાતકોને જણાવેલું કે-'તમને ઉતરેલું ધાન ખાવાની શી ટેવ પડી છે? મેં તો કદી આયર્લેન્ડ કે કેનેડાના બંધારણ વાંચ્યા નથી. ખેડૂતો આગળ એની શી જરૂર? અખો વાંચો, ગીતા વાંચો, બહુ બહુ તો તુલસી-રામાયણ વાંચો.' વિદ્યાર્થીઓને આપણા દેશના સાંસ્કૃતિક વારસાથી પરિચિત થવાની સલાહ આપે છે, કેળવણીના સાંસ્કૃતિક ધ્યેય પ્રત્યે પણ આંગળી ચીંધે છે. સરદારશ્રી શાળા-મહાશાળાને કેળવણીની સંસ્થા તરીકે પર્યાપ્ત ગણતા નહોતા, તેથી દુનિયાને એ જબરજસ્ત વિદ્યાલય તરીકે જોતા હતા-'...પણ તમારા આંખ કાન દુનિયામાં જે ચાલે છે એની સામે બંધ નહીં કરી શકો અને બંધ કરશો તો ભણતર નકામું જશે' એમ કહી સરદાર સાહેબે ઘર, સમાજ, ધર્મ, રાજ્ય અને વ્યક્તિની આસપાસના પર્યાવરણને ભણવાની-નિરીક્ષણ કરવાની જિકર કરી છે. 'શિક્ષણનું માધ્યમ' શું હોવું જોઈએ, તે ચર્ચાઓ હજી પણ ચાલુ છે. સરદારશ્રી અંગ્રેજી શિક્ષણના પુરસ્કર્તા હોવા છતાં અંગ્રેજીને શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારતા નથી. તેના કારણમાં જણાવે છે કે પરદેશી ભાષાના વાહન દ્વારા કેળવણી આપવાની પધ્ધતિથી આપણા જુવાનોની બુદ્ધિના વિકાસમાં મુશ્કેલી ઊભી થાય છે, ... શીખવામાં જ ઘણો વખત જાય છે.

## ગરમીના પ્રકોપ વચ્ચે શરીરમાં વધેલી ગરમીને કેવી રીતે દૂર કરશો

મગજમાં વધેલી ગરમીને દૂર કરવાના ઉપાયો ધ્યાન, યોગ અને અધ્યાત્મમાં છે, પણ શરીરમાં વધેલી ગરમીને દૂર કરવા ભારતીય આયુર્વેદ વિજ્ઞાન આપણી વહારે આવે છે.

વસંત પછી, આપણે ધીમે ધીમે ઉનાળાનો ઉદય અનુભવીએ છીએ. આ ઉનાળાની ઋતુના આગમનની નિશાની છે. અહીંથી તાપમાન વધવાનું શરૂ થાય છે અને ધીરે ધીરે તાપમાનનો પારો તેના ઉચ્ચ શિખરે પહોંચે છે, જે આજકાલ આપણે અનુભવી રહ્યા છીએ. આવી સ્થિતિમાં, જ્યારે બહાર ભીષણ ગરમી છે, ત્યારે શું તમે આ ગરમીમાં શરીરને સંતુલિત રાખવા માટે તૈયાર છો? પંખા, કુલર અને એ.સી. ચલાવવા સિવાય, શું તમારી પાસે તમારી જાતને શાંત, સંતુલિત અને કૂલ રાખવાનો કોઈ વિકલ્પ છે?

ટેક્નોલોજી તમને તમારા ઘર અથવા ઓફિસને અંદર ઠંડું રાખવામાં મદદ કરી શકે છે, પરંતુ અમુક સમયે તમારે બહારની ગરમીનો સામનો કરવો પડશે. કુદરતી ઉપચારના સૌથી પુરાતન આયુર્વેદ વિજ્ઞાન અનુસાર, જ્યારે બહારની ગરમી વધે છે, ત્યારે તેની સાથે સંતુલન કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે શારીરિક, માનસિક અને ભાવનાત્મક રીતે પોતાને અંદરથી ઠંડક રાખવાની રીતો શોધવી. આયુર્વેદ અનુસાર પિત્ત એ શરીરના ત્રણ દોષોમાંથી એક છે. પિત્ત શરીરમાં પાચન શક્તિ અથવા અગ્નિને નિયંત્રિત કરે છે, જ્યારે પિત્ત નિયંત્રણ બહાર થઈ જાય છે, ત્યારે તે પેટની સમસ્યાઓનું કારણ બની શકે છે. પિત્તને તૈલીય, ગરમ અને હળવું ગણવામાં આવે છે. તે ગરમીના તણાવનું કારણ પણ બની શકે છે.

# છીંક આવતાં મગજની નસો ફૂટી ગઈ!

**કોરોનાના આ દિવસોમાં લોકો છીંક રોકવાની કોશિશ કરે છે**





જો તમે પણ છીંક રોકવાની કોશિશ કરો છો તો સાવચેત રહો. આ જીવલેણ સાબિત થઈ શકે છે. તમે બહેરા થઈ શકો છો અને મગજની ચેતા પણ ફૂટી શકે છે. આવું એક અમેરિકન વ્યક્તિ સાથે થયું. તેને વારંવાર છીંક આવતી હતી. તેનાથી પરેશાન થઈને તેણે છીંક રોકવાનો પ્રયાસ કર્યો. પછી અચાનક એટલી જોરદાર છીંક આવી કે મગજની ચેતા ફાટી ગઈ. મગજમાં લોહી વહેવા લાગ્યું. હવે બચવું અશક્ય લાગતું હતું. આ વ્યક્તિની ત્રણ સર્જરી કરવી પડી, ત્યારે જ તેનો જીવ બચી ગયો.

અલાબામા શહેરના રહેવાસી ૨૬ વર્ષીય સેમ મેસિનાએ જણાવ્યું કે તે બેડ પર સૂતો હતો. વારંવાર છીંક આવતી હતી. ઘણી વખત તેણે છીંક રોકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ અચાનક મને ખૂબ જ ઝડપથી છીંક આવી અને મગજની નસોમાં વિસ્ફોટ થયો અને ધમનીઓ ફાટી ગઈ. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે માથામાંથી લોહી નીકળવા લાગ્યું. નસકોરામાંથી લોહી વહેવા લાગ્યું. મને પણ આંચકો આવ્યો અને બેભાન થઈ ગયો. તે સમયે મારે મરી જવું જોઈતું હતું પણ ભગવાનનો આભાર કે હું બચી ગયો.

**મારા મગજમાં લોહી વહેતું હતું**

મેસિનાએ જણાવ્યું કે બેહોશ થતા પહેલાં તેણે તેની માતાને ફોન કર્યો. મારી ગર્લફ્રેન્ડને કહ્યું, જે મને હોસ્પિટલ લઈ ગઈ. જ્યારે ડોક્ટરોએ જોયું તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. મારા મગજમાંથી લોહી નીકળતું હતું. તે હોસ્પિટલમાં આવી સારવારની કોઈ સુવિધા ન હોવાથી ઈમરજન્સીમાં તેને બીજી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. અઠવાડિયામાં ત્રણ વખત સર્જરી કરવામાં આવી. ૨૭ ટાંકા લીધા. હોસ્પિટલના ICUમાં એક મહિનો વિતાવ્યા બાદ તબિયત સુધરી હતી. હમણાં પણ તબિયતમાં ખાસ સુધારો થયો નથી. ક્યારેક ચક્કર આવે છે. તબીબોના મતે આ વ્યક્તિનો જન્મ આર્ટેરીયોવેનસ માલફોર્મેશન (AVM) નામની ખામી સાથે થયો હતો. મોટાભાગના લોકોને આ સમસ્યા હોય છે. તેને એન્યુરિઝમલ ખોડખાંપણ પણ કહેવામાં આવે છે. જ્યારે મગજમાં ધમનીઓ અને નસોને જોડતી રક્તવાહિનીઓ એકબીજામાં ફસાઈ જાય છે, એટલે કે, તેમનામાં અસામાન્ય જોડાણ રચાય છે ત્યારે રક્ત ગંઠાઈ જાય છે. તીક્ષ્ણ છીંકને કારણે આ ગાંઠમાં વિસ્ફોટ થયો અને ધમનીઓ ફૂટી.

## દુનિયાની અનોખી ઘડિયાળ જેમાં ૧૨ વાગતા જ નથી



ભાઈ તારા ચહેરા પર ૧૨ કેમ વાગ્યા છે. આ શબ્દો તમે કેટલીક વખત તમારા મિત્રોને કીધા હશે જ્યારે તે ઉદાસ હશે. પણ શું તમે ક્યારેય કોઈને કીધું છે કે તારા ચહેરા પર ૧૧ કેમ વાગ્યા છે? હકીકતમાં ૧૨ તો ઘડિયાળમાં જ વાગતા હોય છે. પણ દુનિયામાં એક જગ્યા એવી છે જ્યાંની ઘડિયાળમાં ક્યારેય ૧૨ વાગતા જ નથી. જાણીને તમને આશ્ચર્ય થશે પરંતુ આ સાચી વાત છે. એક એવી ઘડિયાળ છે જેમાં ક્યારેય ૧૨ વાગતા નથી.

એક એવી ઘડિયાળ જ્યાં ક્યારેય ૧૨ વાગતા નથી. આ ઘડિયાળ સ્વિટ્ઝર્લેન્ડમાં છે સ્વિટ્ઝરલેન્ડના સોલોર્થન શહેરમાં ક્યારેય ૧૨ વાગતા નથી...કારણ શું.... અહિયાના લોકોને ૧૨ અંક ગમતો જ નથી. અને ૧૧ અંક એટલો જ પ્રિય છે. આ વાત ખાલી ઘડિયાળ પૂરતી નથી. પરંતુ દરેક કામમાં ૧૧ અંકને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ૧૧મો જન્મ દિવસ ઉત્સાહ પૂર્વક ઉજવાય.. અને તેમાં આપવામાં આવતી ભેટ પણ વિશેષ હોય છે. ચર્ચા અને ચેપલની ગણતરી પણ ૧૧-૧૧ની આસપાસ કરવામાં આવે છે. હકિકતમાં સ્વિટ્ઝર્લેન્ડના સોલોર્થન શહેરમાં એક ચર્ચ છે જેમાં ૧૧ અંકને પ્રાથમિક્તા આપવામાં આવી છે. પરંતુ અહીંના લોકો શું કામ ૧૧ અંકને આટલુ મહત્વ આપે છે. કેમ આ લોકો ૧૧ અંકના દિવાના છે કે ઘડિયાળમાં પણ છેલ્લે ૧૧ જ વાગે છે. આની પાછળ એક પ્રાચીન માન્યતા છે. સોલોથર્નના રહેવાસીઓખુબજમહેનતુહતા.પરંતુતનતોડમહેનતપછીપણગરીબી પીછો છોડતી નહોતી. અને લાંબા સમય પછી અહીંની ટેકરીઓ પર એલ્ફ આવવા લાગ્યા. અને એલ્ફ આવતાની સાથે જ લોકોના જીવનના ખુશહાલી ફરી આવી ગઈ. એલ્ફ વિશે જર્મનીમાં પૌરાણિક કથાઓ પણ છે. જર્મન લોકો માને છે કે એલ્ફ પાસે દિવ્ય તેમજ અલૌકિક શક્તિ હોય છે. હકીકતમાં જર્મનીમાં એલ્ફને પણ ૧૧ સાથે જોડીને માનવામાં આવે છે. આજ કારણ છે કે સોલોથર્નના લોકો પણ એલ્ફને ૧૧ નંબર સાથે જોડીને માને છે. દુનિયામાં કેવા ગજબના લોકો છે. પોતાની પસંદ ના પસંદને ધ્યાનમાં રાખીને કેટલાક કુદરતી નિયમો પણ લોકો બદલી નાખતા હોય છે. એવી જ રીતે સ્વીટ્ઝરલેન્ડના સોલોથર્ન શહેરના લોકોને ઘડિયાળમાંથી ૧૨ અંક કાઢી નાખવાથી પણ કોઈ ફર્ક નથી પડ્યો.

# મસલ ડીસ્મોર્ફિયા : છોકરાઓમાં મસલ-બિલ્ડિંગનું વધતું વળગણ: શારીરિક અને માનસિક બીમારી

છોકરાઓ દસેક વરસની ઉંમરના થાય ત્યાં સુધી તે લોકોએ હલ્કની ફિલ્મો જોઈ લીધી હોય, કેપ્ટન અમેરિકા જોઈ લીધું હોય અને બોક્સિંગ મેચ પણ જોઈ લીધી હોય. માર્વેલના એક્શન હીરો અને બીજા બધા બોડી બિલ્ડરના ફૂલેલા પણ મસ્ક્યુલર બોડી જોયા હોય. શાહરૂખ કે સોનું સુદના સિકસ પેક એબ વાળું બોડી જોયું હોય અને છોકરીઓને તેની પાછળ ગાંડી થતી જોઈ હોય. છોકરાઓ કિશોરાવસ્થામાં પહોંચે ત્યાં તેમના દિમાગમાં હીરો એટલે સીક્સ પેક એબ વાળો બોડી બિલ્ડર એવી જ ઈમેજ બંધાઈ ગઈ હોય.

હવે ચારેબાજુ આવા જ બોડી બિલ્ડરો જોઈને છોકરાઓના મનમાં નાની ઉંમરથી એક સવાલ ઉઠતો હોય કે હું આવો ક્યારે દેખાઈશ? મારું બોડી આવું ક્યારે થશે? આ લોકો પાસે તો ખૂબ પૈસા અને ટ્રેનર હોય, મારી પાસે તો ન હોય તો મારો દેખાવ આવા હીરોલોગ જેવો ક્યારે થશે? ટીનેજ છોકરાઓના મનમાં એક કોમ્પલેક્ષ આકાર લેવા માંડે અને તે નકારાત્મક વિચારો તરફ તેને ધકેલે. તેની અસર તેના ડેઈલી રૂટિન ઉપર પડે અને ભણવામાં પણ ખોટો પ્રભાવ પડે. આ જે માનસિક અને શારીરિક નકારાત્મક અસર થાય તેને બોડી ડીસ્મોર્ફિયા કહેવાય. વધુ પ્રોપર નામ છે મસલ ડીસ્મોર્ફિયા.જે ટિનેજ છોકરો મસલ ડીસ્મોર્ફિયાની અસર નીચે હોય એને પાતળો બાંધો અને સ્નાયુબદ્ધ શરીરની ઘેલછા હોય. આ ઘેલછા તેના વાણી, વર્તન, વ્યવહારમાં આડઅસર ઊભી કરે. તેનું મગજ ધીમે ધીમે બદલાતું જાય. તેની જિંદગીનો અગ્રતાક્રમ ખોરવાઈ જાય. તેનો સ્વભાવ ચીડિયો પણ થઈ શકે. આવી વ્યક્તિઓ આગળ જતાં વધુને વધુ સ્વકેન્દ્રી બની જાય. સર્વેક્ષણના આંકડા મુજબ ચોથા ભાગના છોકરાઓ અને પુરુષો બોડી બિલ્ડિંગની કોઈને કોઈ પ્રવૃત્તિમાં સંકળાયેલા હોય છે. અમેરિકામાં સાઠ ટકા છોકરાઓએ કબૂલ્યું કે સારું શરીર મેળવવા અમે અમારી રીતે જ ખોરાકમાં ફેરફાર કરીએ છીએ.

બોસ્ટન ચિલ્ડ્રન યુનિવર્સિટીના ડૉક્ટર ગેબ્રિયલ વર્ગાસે એક વેબસાઈટમાં આવું કહ્યું છે. ભલે બધા જ પુરુષો મસલ ડીસ્મોર્ફિયાના શિકાર નહીં હોય પણ તેમનું સીકસ પેક એબ વાળું બોડી બનાવની ઘેલછા તેમની અને તેમના પરિવારની જિંદગીને સારી કે ખરાબ રીતે પ્રભાવિત કરે છે.

હવે સિકસ પેક એબ વાળું બોડી સામાન્ય થતું જાય છે. પાંચેક વર્ષમાં બાળકના હેલોવિન કોસ્ચ્યુમમાં પણ પેડિંગ હોય છે અથવા તો સિકસ પેક એબ દોરેલા હોય છે. છોકરાઓના મનમાં સતત એ સંદેશો નાખવામાં આવે છે. કે તમારે પ્રોફેશનલ રેસલર જેવું બોડી બનાવવાનું છે.

મસલ ડીસ્મોર્ફિયા છોકરીઓમાં ન હોય? હોય તો છોકરાઓ અને છોકરીઓમાં ફરક શું? પહેલાં એવું હતું કે શરીરના બાહ્ય દેખાવ પ્રત્યે વધુ જાગૃત માત્ર છોકરીઓ રહેતી. માટે તેઓ ભૂખી રહે કે અમુક દવાઓ ખાઈને શરીર ઉતારવાની કોશિશ કરે. પણ મસલ ડીસ્મોર્ફિયા એ શારીરિક ડીસઓર્ડર નથી.

BOLLYWOOD NEWS FLASH

**જગતે પહેલા ડાન્સ કર્યો પછી અચાનક તે ઘૂંટણિયે પડી ગયો અને અભિનેત્રીને સગાઈની વીંટી સાથે પ્રપોઝ કર્યું**





## અમલા પોલ જગત દેસાઈ સાથે કરશે બીજા લગ્ન

। મુંબઈ, તા.૩૧ ।

સાઉથની પ્રખ્યાત અભિનેત્રી અમલા પોલ ગુરુવારે તેમના જન્મદિવસે સગાઈ કરીને ફેન્સને સરપ્રાઈઝ આપી હતી. હકીકતમાં તે પણ ચોંકી ગઈ હતી જ્યારે તેના બોયફ્રેન્ડે તેને આવું સરપ્રાઈઝ આપ્યું હતું. હા, બોયફ્રેન્ડ જગત દેસાઈએ અમલા પોલને તેના જન્મદિવસ પર પ્રપોઝ કર્યું. અભિનેત્રીનો એક ક્યૂટ વીડિયો પણ સામે આવ્યો છે. ચાલો તમને જણાવીએ કે અમલા પોલનો બોયફ્રેન્ડ કોણ છે. એ પણ જાણી લો કે અભિનેત્રીએ પહેલા લગ્ન કોની સાથે કર્યા હતા અને ક્યારે છૂટાછેડા લીધા હતા. જેમ ફિલ્મોમાં થાય છે તેમ જગતે તેની ગર્લફ્રેન્ડને પ્રપોઝ કર્યું હતું. તેણે પહેલા ડાન્સ કર્યો. પછી અચાનક તે ઘૂંટણિયે પડી ગયો અને અભિનેત્રીને સગાઈની વીંટી સાથે પ્રપોઝ કર્યું. અમલાએ આ સુંદર પ્રસ્તાવને હા કહેવામાં એક સેકન્ડ પણ બગાડી ન હતી. 'ફિલ્મીબીટ'ના અહેવાલ મુજબ જગત દેસાઈ ગુજરાતમાંથી આવે છે. તેને જીમનો શોખ છે. તે એક ડોગ લવર પણ છે. તે ગોવામાં મિત્રો સાથે પાર્ટીઓ કરવાનો શોખીન છે. અમલા પોલના પહેલા લગ્ન એએલ વિજય સાથે ૨૦૧૪માં થયા હતા. બંનેએ વર્ષ ૨૦૧૭માં છૂટાછેડા લીધા હતા. AL વ્યવસાયે ડિરેક્ટર છે.અમલા પોલના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે મલયાલમ, તમિલ અને તેલુગુ ફિલ્મોમાં સક્રિય છે. તેણે વર્ષ ૨૦૦૯માં મલયાલમ ફિલ્મ નીલથમારાથી અભિનયની શરૂઆત કરી હતી. પરંતુ દરેક ઘરમાં તેને જે પ્રશંસા મળી તે ૨૦૧૧માં રિલીઝ થયેલી ફિલ્મ દેવા થિરુમગલથી મળી. જ્યાં તેના કામની સમીક્ષકો દ્વારા પણ ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

અમલા પોલ છેલ્લે અજય દેવગન સાથે 'ભોલા'માં જોવા મળી હતી. અભિનેતા અને અમલાની જોડી ચાહકોને ખૂબ જ પસંદ આવી હતી.



## અનુષ્કા સેનની સુંદરતા જોઈને ફેન્સના ધબકાર વધી ગયા

। મુંબઈ, તા.૩૧ ।

અનુષ્કા સેન એક ખૂબ જ પ્રખ્યાત ટેલિવિઝન અભિનેત્રી છે અને તમને જણાવી દઈએ કે તેણે બાળ કલાકાર તરીકે પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આ પછી તે ઘણા મ્યુઝિક વીડિયોમાં પણ જોવા મળી હતી. જો અનુષ્કા સેનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તમને જણાવી દઈએ કે તેણે ઘણી સીરિયલ્સમાં કામ કર્યું છે. પરંતુ તેને ખરી ઓળખ સિરિયલ 'બાલવીર'થી મળી જેમાં તેણે બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું. પરંતુ છેલ્લા કેટલાક સમયથી એવા અહેવાલ આવી રહ્યા છે કે તે કોરિયન વેબ સિરીઝમાં જોવા મળશે. આ તસવીરમાં અનુષ્કા સેને પોતાના વાળ ખુલ્લા રાખ્યા છે અને ખૂબ જ સુંદર નાની બુટ્ટી પહેરી છે. અભિનેત્રીએ ગ્લોસી મેકઅપ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો છે. અનુષ્કા સેને હાલમાં જ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી કેટલીક તસવીરો શેર કરી છે અને તેમાં તેણે બ્લેક કલરનો ખૂબ જ સુંદર ડ્રેસ પહેર્યો છે. આ લુક સાથે તે એક નાની અને ખૂબ જ ક્યૂટ બ્લેક કલરની બેગ કેરી કરતી જોવા મળી.

**એક્ટિંગમાં કરિયર બનાવવાના ત્રણ વર્ષ પછી અદિતિએ ૨૦૦૯માં સત્યદીપ મિશ્રા સાથે લગ્ન કર્યા હતા**

## ચાર વર્ષ પણ ના ટક્યા અદિતિ રાવ હૈદરીના લગ્ન

। મુંબઈ, તા.૩૧ ।

બોલિવૂડ અને સાઉથની ફેમસ એક્ટ્રેસે કે જેને પોતાની એક્ટિંગની લાઈફની શરૂઆત મલયાલમ ફિલ્મોથી કરી હતી, પરંતુ પછી સાઉથ અને બોલિવૂડમાં પોતાની આગવી ઓળખ અને કામથી બધાને દિવાના કરી દીધા હતા. શું તમે જાણો છો કોણ છે આ એક્ટ્રેસ આ એક્ટ્રેસ અદિતિ રાવ હેદરી છે જે આજે પોતાનો ૩૭મો બર્થ ડે સેલિબ્રેટ કરી રહી છે. હૈદરાબાદના શાહી પરિવારમાં જન્મેલી અદિતિ રાવ હૈદરીએ પોતાના કરિયરની શરૂઆત બોલિવૂડમાં અભિષેક બચ્ચન અને સોનમ કપૂર સ્ટારર ફિલ્મ દિલ્હી ૬ થી કરી હતી. આ ફિલ્મમાં અદિતિના રોલને ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અદિતિએ બેક ટૂ બેક અનેક ફિલ્મોમાં પોતાની ભૂમિકા નિભાવી છે જેના પર ફેન્સ ફિદા થઈ ગયા. એક્ટ્રેસના ફેન ફોલોઈંગ પણ ખૂબ છે. એક્ટ્રેસ અકબર હૈદરીની પૌત્રી અને મુહમ્મદ સાલેહ અકબર હૈદરીની પૌત્રી છે જે અસમના પૂર્વ રાજ્યપાલ પણ રહી ચુક્યા છે. પોતાની એક્ટિંગ કેરિયરમાં રોકસ્ટાર, મર્ડર ૩ અને ફિતૂર જેવી અનેક ફિલ્મોમાં કામ કર્યુ છે. એક્ટિંગમાં કરિયર બનાવવાના ત્રણ વર્ષ પછી અદિતિએ ૨૦૦૯માં સત્યદીપ મિશ્રા સાથે લગ્ન કર્યા હતા, પરંતુ અભિનેત્રી લગ્ન ૪ વર્ષ પણ ટક્યા હતા નહીં. એક્ટ્રેસના વર્ષ ૨૦૧૩માં તલાક થઈ ગયા. અદિતિ રાવ હૈદરીનું આમિર ખાન સાથે



**આ વર્ષે શાહરુખની એકથી એક હટકે ફિલ્મો આવી છે જેને બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી છે**

## ૨ નવેમ્બરના રોજ અભિનેતા શાહરુખ ખાનનો બર્થ ડે



। મુંબઈ, તા.૩૧ ।

બોલિવૂડ લવર્સ માટે આ વર્ષ ખૂબ સારું રહેશે. આ વર્ષે સ્ટાર્સ એકથી એક ધમાકેદાર ફિલ્મો લઈને આવે છે. આ વર્ષે ખાસ કરીને વાત કરવામાં આવે તો શાહરુખનું નામ મોખરે છે. જવાનની વાત હોય કે પછી બીજી કોઈ મુવીની વાત હોય..શાહરુખનું નામ ટોપ પર છે. વર્ષની શરૂઆતમાં પઠાન મુવીએ ૧૦૦૦ કરોડની કમાણી કરી હતી ત્યારબાદ જવાન મુવીએ પણ આ મામલે અનેક રેકોર્ડ બ્રેક કર્યા. આમ, વર્ષના છેલ્લા મહિનાઓમાં કિંગ ખાન અને રાજકુમાર હિરાનીની ફિલ્મ 'ડંકી' ક્યારે રિલીઝ થશે એ વાતને લઈને ફેન્સમાં ઉત્સુકતા વધારે જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે ફિલ્મના ટીઝરને લઈને એક મોટો ખુલાસો કરવામાં આવ્યો છે જે વિશે જાણીને તમે પણ ઘરમાં નાચવા લાગશો. ફિલ્મના મેકર્સે 'ડંકી' મુવીના ટિઝરને રિલીઝ કરવાની વાત કરી છે. આ ટિઝરને રિલિઝ કરવા માટે એક ખાસ દિવસની પસંદગી કરવામાં આવી છે જે છે શાહરુખનો બર્થ ડે. એક અહેવાલ અનુસાર ૨ નવેમ્બરના રોજ શાહરુખ એનો ૫૮મો જન્મદિવસ મનાવશે. આ ખાસ દિવસે 'ડંકી'નું ગ્રાન્ડ ટિઝર લોન્ચ થશે. આટલું જ નહીં ફિલ્મના ડાયરેક્ટર રાજકુમાર હિરાણીએ કિંગ ખાનના ફેનને એક ગિફ્ટ પણ આપી છે. રિપોર્ટ અનુસાર 'ડંકી'ના ટિઝર લોન્ચને શાહરુખ પોતે હોસ્ટ કરશે. જ્યારે સેન્સર બોર્ડે ફિલ્મના ટિઝરને લઈને યુ સર્ટિફિકેટ આપ્યુ છે. આમ, તમને જણાવી દઈએ કે ફિલ્મના બે ટિઝર રિલીઝ થવાના છે.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં સરદાર પટેલના જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૧ ।

સંજેલી તાલુકામાં જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી કાર્યરત છે. જેમાં નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે અનાથ, અપંગ અને અતિ ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલક અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસરના સંચાલક શ્રી દિલીપ કુમાર એચ. મકવાણાના માર્ગદર્શનથી તાલીમ વર્ગમાં આજરોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતના કરમચંદ ખાતે જન્મેલા સરદાર પટેલ સફળ વકીલાત દરમ્યાન મહાત્મા ગાંધીના કામ અને વિચારધારાથી પ્રભાવિત થયા હતા. ખેડૂતોને સંગઠિત કરીને અંગ્રેજો સામે સત્યાગ્રહ કર્યા હતા. ભારતના પહેલા ગૃહ મંત્રી અને ઉપપ્રધાન મંત્રી તરીકે, સરદાર પટેલ સાહેબ



પંજાબ અને દિલ્હીમાં નિરાશ્રિતો માટે સહાયનું આયોજન કર્યું હતું. વર્જથી પણ કઠોર કાયા, વાણી જાણે તલવાર, બુલંદ નાદે અંખંડ ભારત ઘડનાર, નામ એનું છે સરદાર....૫૬૨ દેશી રજવાડાંઓને એકત્રિત કરનાર ભારતના શિલ્પી, દેશના સ્વાતંત્ર સેનાની, ગુજરાતના પનોતા પુત્ર એવા લોહ પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી પર ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર મકવાણાએ કોટી કોટી પ્રણામ વંદન કર્યા હતા.. આં ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકા પંચાયતનો મનરેગા ઓફિસર લાંચ લેતા દાહોદ એલ.સી.બી ના હાથે પકડાયો

## ૪૨૯૩૪૪૧ ના બીલો મંજૂર કરવા માટે ૧૦% ની લાંચ ફરિયાદી પાસે માંગણી કરેલ હતી



। ઝાલોદ, તા.૩૧ ।

ઝાલોદ તાલુકા પંચાયતમાં આસિસ્ટન્ટ પ્રોગ્રામ ઓફિસર (કરાર આધારિત) દ્વારા મનરેગા યોજના અંતર્ગત કોઝવે (પાણીના નાળાના) કુલ ચાર બીલોના ૪૨,૯૩,૪૪૧ મંજુર કરવા માટે ફરિયાદી પાસેથી ૧૦% રકમની માંગણી મોહનસિંહ ગોપાલસિંહ કટારા દ્વારા કરવામાં આવી હતી. ફરિયાદી લાંચની રકમ મનરેગા અધિકારીને આપવા ઈચ્છતા ન હતા. તેથી ફરિયાદી દ્વારા દાહોદ એલ.સી.બીનો સંપર્ક સાધવામાં આવેલ હતો .દાહોદ જિલ્લા એલ.સી.બી ના પો.ઈ કે.વી ડીંડોર દ્વારા અન્ય અધિકારીઓને સાથે રાખી આરોપીને ફસાવવા છટકું ગોઠવ્યું હતું. ફરિયાદી દ્વારા મનરેગા અધિકારીને ૫૦૦૦૦ રૂપિયા આપવા માટે ઠુંઠીકંકાસીયા ચોકડી ,બાયપાસ રોડ પર બોલાવી ફરિયાદી દ્વારા લાંચ આપતા રંગે હાથે ઝડપી પાડેલ હતો.

# મોરબી બ્રિજ દુર્ઘટનાની પ્રથમ વરસી પર આપવામાં આવી ભાવભીની શ્રદ્ધાંજલિ



। ઝાલોદ, તા.૩૧ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ ખાતે એક વર્ષ પૂર્વે મોરબીના ઝૂલતા પુલ દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ થતાં તાલીમ વર્ગ સંજેલી ખાતે દિલીપ કુમાર એચ. મકવાણા દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલીમ મેળવી રહેલા વિધાર્થીઓએ મૌન પાળી અને ગાયત્રી મંત્ર બોલીને અર્શુભરી શ્રદ્ધાંજલિ આપી હતી.

# સેન્ટર ફોર કચ્છ સ્ટડીઝ સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરી રહ્યા છે કચ્છી વણકર સમાજ

## કથાઓ, પરંપરા અને કાપડની વણાટ, કેન્દ્ર કાપડની ઉજવણી કરવા તૈયાર છે કુશળ કચ્છી વણકર સમાજ

। મુંબઈ, તા.૩૧ ।

સોમૈયાના સહયોગથી સેન્ટર ફોર કચ્છ સ્ટડીઝ કલા વિદ્યા ના વણકર સમુદાયના આહલાદક સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવા માટે રોમાંચિત છે કચ્છ.

આ કચ્છી વણકર દ્વારા બનાવેલ પરંપરાગત કાપડનું પ્રદર્શન-કમ વેચાણ થવા જઈ રહ્યું છે. સમુદાય. આ ઈવેન્ટ બે દિવસ, ૨જી અને ૩જી નવેમ્બર, સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી સુનિશ્ચિત થયેલ છે. ઉદઘાટન સમારોહ, જેમાં શ્રીમતી. સોમૈયા ટ્રસ્ટના ટ્રસ્ટી અમૃતા સોમૈયા કરશે ૨જી નવેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે સોમૈયા સ્કૂલના ઓડિટોરિયમમાં યોજાશે. ઘટનાનું નિરૂપણ કરશે નંદિની ઓઝા દ્વારા મૌખિક ઈતિહાસ-નિષ્ણાતની ચર્ચાનું મહત્વ, વણાટમાં મહિલાઓની ભૂમિકા કૃષ્ણા બેન, કચ્છી લોક ભજન, ઈતિહાસ & વણકર ટેક્સટાઈલનું ઉત્ક્રાંતિ, એક પેનલ ચર્ચા અને કચ્છી મ્યુઝિક બેન્ડ.

ઈવેન્ટ વિશે બોલતા, સોમૈયા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી અમૃતા સોમૈયા કહે છે, “પ્રતિ કચ્છી વણકર સમુદાયના જીવંત સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન એ અમારું મુખ્ય છે ઘટના પાછળનો હેતુ. જેમાં સહયોગ આપનાર દરેક વ્યક્તિનો ખૂબ ખૂબ આભાર ગમે તે રીતે આ થાય. હું પરંપરાગત કાપડની શોધ કરવાનો વિશેષાધિકાર અનુભવું છું અને આ ઈવેન્ટ દ્વારા કચ્છી સંસ્કૃતિનો અનુભવ કરો.

**સોમૈયા કલા વિદ્યા વિશે**

સોમૈયા કલા વિદ્યા, સોમૈયા વિદ્યાવિહારનો એક વિભાગ, માટે શિક્ષણની સંસ્થા છે કારીગરો તેની સ્થાપના કલા પરંપરાઓને ટકાવી રાખવા અને મૂલ્ય અને આવક બંને વધારવા માટે કરવામાં આવી હતી કારીગરો જીદ્દફ એ અભિગમનો ઉપયોગ કરીને કચ્છના કારીગરો માટે ડિઝાઈન અને વ્યવસાયિક શિક્ષણ પ્રદાન કરે છે હાલની પરંપરાઓ પર આધારિત. સંસ્થાનો અભ્યાસક્રમ, સમયપત્રક અને સૂચનાની ભાષા છે તેના કારીગરોની જીવનશૈલીને સમાવવા માટે રચાયેલ છે.

**સેન્ટર ફોર કચ્છ સ્ટડીઝ વિશે**

સેન્ટર ફોર કચ્છ સ્ટડીઝ એ સંશોધન અને અભ્યાસ માટે સમર્પિત શૈક્ષણિક સંસ્થા છે ગુજરાતમાં કચ્છ પ્રદેશનો. આ કેન્દ્ર કચ્છના વિવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, સહિત તેની સંસ્કૃતિ, ઈતિહાસ, ભૂગોળ અને સામાજિક આર્થિક ગતિશીલતા. કચ્છના અભ્યાસનું કેન્દ્ર આ ક્ષેત્રની ઊંડી સમજણને પ્રોત્સાહન આપવા અને તેના ટકાઉમાં યોગદાન આપવાનો હેતુ છે વિકાસ તે વિદ્વાનો, વિદ્યાર્થીઓ અને અન્વેષણમાં રસ ધરાવતા નિષ્ણાતો માટે હબ તરીકે સેવા આપે છે કચ્છના અનન્ય લક્ષણો અને પડકારો.

# સતર્કતા જાગૃતિ સપ્તાહ અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ શપથ લેવડાવ્યા



। ગાંધીનગર, તા.૩૧ ।

‘અમે પ્રત્યેક ક્ષેત્રે અમારું કર્તવ્ય પૂરી પ્રમાણિકતા અને પારદર્શિતાથી નિભાવીશું. અમે જીવનના દરેક ક્ષેત્રમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા અથાગ પ્રયત્નો કરવાનો સંકલ્પ લઈએ છીએ.’ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે સતર્કતા જાગૃતિ સપ્તાહના શુભારંભે રાજભવન પરિવારના સૌ સભ્યોને શપથ લેવડાવ્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશમાં સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી થાય છે. આ વર્ષે તા. ૩૦મી ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન “ભ્રષ્ટાચારને ‘ના’ કહીએ, રાષ્ટ્ર પતિ પ્રતિબદ્ધ રહીએ.” ની થીમ સાથે સતર્કતા સપ્તાહની ઉજવણી કરાઈ રહી છે. આજે સવારે આ ઉજવણી અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિસરમાં સૌ અધિકારીઓ અને કર્મચારીઓને શપથ લેવડાવ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિવારના સૌ સભ્યોને પોતાની સંસ્થાના વિકાસ અને ગરીમા માટે ફરજરત રહેવા અને સહિયારા પ્રયત્નોથી પોતાની



સંસ્થાને ગૌરવાન્વિત કરીને દેશના નિર્માણ માટે નૈતિક સેવા પ્રદાન કરવાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલ શ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુ, કર્તવ્યસ્ત પરિસહાય લેફ્ટનન્ટ શ્રી મનુ તોમર (ઈન્ડિયન નેવી) સી.જી.એચ. શ્રી અમિત જોશી તથા અધિકારીઓ અને કર્મચારીઓએ શપથ લીધા હતા.

## મુન્દ્રાના પત્રી ગામની ઘટના

# યુવકનો મૃતદેહ મળવા મામલે મોટો ખુલાસો, રાજકીય અદાવતમાં કરાઈ હત્યા

। કચ્છ, તા.૩૧ ।

હત્યારા પરિવારની સરપંચ દિકરી સામે થયેલી અવિશ્વાસની દરખાસ્તમાં મૃતકનો હાથ હોવાનું મનદુઃખ રાખી આ હત્યા કરાઈ હોવાનુ કારણ સામે આવ્યુ છે. સમાજે આ મામલે આરોપી ઝડપી પકડાય અને અન્ય આરોપી હોય તો તેની સામે પણ કાર્યવાહી થાય તેવી માગ કરી છે. મુન્દ્રાના પત્રી ગામના યુવાનની હત્યા કરાઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. મુન્દ્રા પોલીસે રાજકીય વિવાદમાં યુવકની હત્યામાં સામેલ ૪ વ્યક્તિ સામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આરોપીના પરિવારની સભ્ય વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત આ હત્યા પાછળનુ કારણ હોવાનુ સામે આવ્યુ છે.

મુન્દ્રાના પત્રી ગામના યુવાનનો ૨૮ ઓક્ટોબરે અકસ્માત થયેલ હાલતમાં કાર નજીક મૃતદેહ મળ્યો હતો. બનાવની જાણ થતા પોલીસે અકસ્માતની દિશામાં તપાસ શરૂ કરી હતી, પરંતુ પરિવાર અને સમાજે હત્યાની શંકા વ્યક્ત કરી પત્રી ગામના જ પૂર્વ સરપંચની માતા-પિતા સહિત પરિવારના સભ્યો સામે ફરીયાદ નોંધાવી છે.૨૮ ઓક્ટોબરે મૃતદેહ મળ્યા બાદ પોલીસ હત્યાની તપાસ કરે તેવી માગ સાથે મૃતદેહ સ્વીકારવાનો પણ ઈક્કાર કર્યો હતો. જો કે, પોલીસે ફરીયાદ નોંધતા મૃતદેહ સ્વીકારાયો છે. પરિવારે ન્યાયિક તપાસની માગ કરી છે.

ગામ આસપાસ થતી ખનીજ ચોરી અને રાજકીય રીતે સક્રિય યુવક પૃથ્વીરાજસિંહ જાડેજા ૨૮ ઓક્ટોબરે અંજારથી પરત ફરી રહ્યા હતા ત્યારે લોડર વડે અકસ્માત સર્જી ગંભીર ઈજા પહોંચાડી તેની હત્યા કરાઈ હતી. પોલીસે આ મામલે વજીબેન વાલજી ચાડ, વાલજી કરસન ચાડ, નંદલાલ વાલજી ચાડ તથા વીઠ્ઠલ વાલજી ચાડ સામે ફરીયાદ નોંધી છે.

# સુરત આરડીસી ગૃપ અને જય ભીમ યુવક મંડળ ઝઘડીયા ઈન્દોર ગામના પુર પીડિતોની વ્હારે આવ્યા

## સો પરીવારોને જીવન જરૂરી સાધન સામગ્રી કીટ અને વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ વિતરણ કરવામાં આવી



। મલેક યસદાની ભરૂચ, તા.૩૧ ।

નર્મદા નદીમાં આવેલ વિનાશક પુરે ભરૂચ તેમ જ નર્મદાજિલ્લામાં ભારે તારાજી સર્જી છે આ વિનાશક પુરમા ભરૂચ તેમજ નર્મદા જિલ્લાના નદી કાંઠાના ગામોમાં ભારે નુકશાન થયું છે ત્યારે પુર અસરગ્રસ્ત વિસ્તારોમાં સામાજિક સંસ્થાઓ પીડિતોના વ્હારે આવી દરેક રીતે મદદરૂપ થઈ રહી છે ત્યારે નિઃસ્વાર્થ સમાજ સેવા માટે જાણીતા સુરત આરડીસી ગૃપ અને જય ભીમ યુવક મંડળ ઝઘડીયા ઈન્દોર ગામના પુર પીડિતોની વ્હારે આવી સો પરીવારોને જીવન જરૂરી સાધન સામગ્રી કીટ અને વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ વિતરણ કરવામાં આવી. સુરત શહેર ના આરડીસી ગૃપ અને જય ભીમ યુવક મંડળ દ્વારા ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઈન્દોર ગામે કારી અહમદ અલી ફલાહી, જુનેદ ભાઈ ઓરાવાલા સાહબ, રાજુ ભાઈ RC, સૈયદ નસરુદ્દીન, પટેલ વલિઉલ્લાહ, પટેલ અલી ભાઈ ના માધ્યમ થી મદદ પૂરી પાડેલ હતી જેમાં પ્રથમ તબક્કા માં ૧૦૦ વાસણ સેટ,૧૦૦ ગાદલા, ઓશીકા,કંબલ સેટ અને કપડાં વિતરણ કરવામાં આવ્યું હતુ જયારે બીજા તબક્કામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મદદરૂપ થવા સ્કૂલ બેગ, નોટબુક અને ૧૦૦ ચટાઈની વિતરણ કરવામા આવી હતી.

# સુરતના જહાંગીરાબાદમાં બે વર્ષનું બાળક રૂમમાં ફસાયુ

। સુરત, તા.૩૧ ।

સુરતના જહાંગીરાબાદમાં માતા-પિતા માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. જેમાં બે વર્ષનું બાળક રૂમમાં ફસાઈ જતા દેકારો બોલી ગયો હતો. આ મામલે સ્થાનિક લોકો દ્વારા તાત્કાલીક ફાયર સ્ટાફને જાણ કરાતા સ્ટાફ દોડી ગયો હતો. જ્યા વીરસાવરકર હાઈટ્સના મકાનમાં ફસાયેલા બાળકને મહામહેનતે ઉગારી લીધો હતો.

બાળકને ઘરના રૂમમા એકલો મુકતા પહેલા સો વખત વિચારવા જેવો કિસ્સો સુરતમાંથી સામે આવ્યો છે. જેમાં ફ્લેટમાં બે વર્ષના બાળક સાથે ચોંકાવનારી ઘટના બની હતી.જહાંગીરાબાદમાં વીર સાવરકર હાઈટ્સના ફ્લેટ નંબર ૭૦૨મા બે વર્ષનું બાળક રૂમમાં રમતું હતું. આ વેળાએ રમતા- રમતા બાળકે દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો પછી કોઈ કાળે દરવાજો ન ખુલતા પરિજનોના શ્વાસ અધર થઈ ગયા હતા.

પરિવાર ચિંતામાં મુકાયા બાદ ક્ષણિક અફરાતફરીનો માહોલ સર્જાયા બાદ ફાયર સ્ટાફને જાણ કરાઈ હતી. ફાયર વિભાગની ટીમ પોતાના ઓઝારો વડે દરવાજો તોડી બાળકને હેમખેમ બહાર કાઢયો હતો. જેને લઈ પરિજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ફાયર સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. સમજદારી પૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. તમારા પ્રયાસ માટે લોકો કામના સ્થળે તમારી નોંધ લેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે. સમર્પિત વ્યાવસાયિકો માટે બઢતી અને નાણાકીય લાભો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**તુલા (ર,ત) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારો રૉમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. તળાવમાંની સૌથી સુંદર માછલી સાથે આજે મુલાકાત થવાની ઊંચી શક્યતા છે. તમારા બૉસ નોંધ લે એ પૂર્વે બાકી રહેલા કાયર્યો પૂરાં કરો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે. તમારા મનના તરંગો તથા મુનસફી પ્રમાણે કામ કરવાની આશા રાખશો નહીં અને તમે તમારી કામ કરવાની શૈલી બદલો અને પહેલ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે.

ન્યૂઝ બ્રિફ

## ૨૦૨૪માં એનડીએ ફરી સત્તા પર નહીં આવે તો ભારતીય શેરબજારમાં કડાકો બોલશે

। નવી દિલ્હી, તા.૩૧ ।

આગામી વર્ષે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી એનડીએસરકાર સતત ત્રીજી વખત સત્તામાં ન આવી તો ભારતીય શેરબજારમાં સુનામી આવી શકે છે. શેરબજાર ૨૫% સુધી પડી શકે છે. આ આશંકા દુનિયાના દિગ્ગજ રોકાણકાર ઝેફઅફરીઝના ક્રિસ્ટોફર વુડે કરી છે. બિઝનેસ સ્ટાન્ડર્ડ બીએફએસઆઈસમિતિ ૨૦૨૩ને સંબોધિત કરતા ક્રિસ વુડે શેરબજાર માટે સૌથી મોટા રિસ્કનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો સત્તારુઢ પાર્ટી ૨૦૨૪માં સતત ત્રીજી વખત સત્તામાં ન આવી તો ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો આવી શકે છે. જોકે, ક્રિસ વુડે આ સાથે જ એ પણ કહ્યું કે,તેની શક્યતાઓ ઘણી ઓછી જણાઈ રહી છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ વાળી એનડીએસરકારને કોંગ્રેસની આગેવાની વાળી યુપીએસરકારે ૨૦૦૪ની લોકસભામાં ચૂંટણીમાં હરાવી હતી. જેની કોઈને પણ આશા નહોતી. ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદ તે સમયે શેરબજારમાં સતત બે દિવસ સુધી લોઅર સર્કિટ લાગ્યુ હતું. કારણ કે, યુપીએસરકાર વામપંથી દળ સીપીએમના સમર્થનથી બની રહી હતી જે આર્થિક સુધારાની કટ્ટર વિરોધી હતી. ક્રિસ વુડે ૨૦૦૪ને યાદ કરતા કહ્યું કે, ૨૦૦૪માં જે થયુ એવું જ જો ૨૦૨૪માં થશે તો શેરબજારમાં ૨૫%નો ઘટાડો આવી શકે છે. જોકે, તેમણે આ સાથે જ એમ પણ કહ્યું કે, એટલી જ તેજીથી બજાર ફરીથી ઉપર પણ આવી જશે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના પરિણામોની વાત કરીએ તો ૧૬ મે ૨૦૧૪ના રોજ જે દિવસે મતોની ગણતરી થઈ રહી હતી અને જ્યારે સ્પષ્ટ થઈ ગયું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બહુમતી સાથે એનડીએ સરકાર બનવા જઈ રહી છે ત્યારે તે દિવસે પહેલી વાર બીએસઈસેન્સેક્સ ૨૫,૦૦૦ ના લેવલને પાર કરવામાં સફળ રહ્યો હતો. સેન્સેક્સમાં ૧૪૫૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. એનએસઈનો નિફ્ટી પણ પહેલી વાર દિવસના ટ્રેડમાં ૭૫૦૦ના આંકડાને પાર કરવામાં સફળ રહ્યો હતો. જોકે, બજાર બંધ થાય તે પહેલાં પ્રોફિટ બુકિંગ પાછું આવતા સેન્સેક્સ માત્ર ૨૧૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪૧૨૧ પર અને નિફ્ટી ૭૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨૦૦ પર બંધ થયો હતો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના મત ગણતરીના દિવસે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની દ્દઢછ સરકાર બનવા જઈ રહી છે એ સ્પષ્ટ થતાં જ પહેલી વખત દિવસના ટ્રેડમાં મ્જીઈ સેન્સેક્સ ૪૦,૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો. નિફ્ટી ૧૨૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો જે એક ઐતિહાસિક રેકોર્ડ લેવલ હતો.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દરમિયાન ઈ-બસને લીલી ઝંડી બતાવી હતી.

### યુધ્ધ વિરામને લઈને ઈઝરાયેલની સ્પષ્ટતા

# યુધ્ધ વિરામ આત્મસમર્પણ સમાન, યુધ્ધ અમે જ જીતીશુ : નેતન્યાહુ

**વડાપ્રધાને અમેરિકાની વાતનો ઉલેખ્ખ કરતા કહ્યું કે, ૯/૧૧ હુમલામાં જેમ યુદ્ધવિરામને કોઈ સ્થાન ન હતું તેમ અહીં પણ યુદ્ધવિરામને કોઈ સ્થાન નથી**

। જેરૂસલેમ, તા.૩૧ ।

ઈઝરાયેલ-હમાસ યુદ્ધે વિશ્વની ચિંતામાં વધારો કર્યો છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૯ હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. એવામાં ઈઝરાયેલના વડાપ્રધાન દ્વારા યુદ્ધવિરામની વાત પર સ્પષ્ટતા સામે આવી છે. વડાપ્રધાને અમેરિકાની વાતનો ઉલેખ્ખ કરતા કહ્યું કે, ૯/૧૧ હુમલામાં જેમ યુદ્ધવિરામને કોઈ સ્થાન ન હતું તેમ અહીં પણ યુદ્ધવિરામને કોઈ સ્થાન નથી કારણ કે તે એક પ્રકારના આત્મસમર્પણ જેવું છે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ ગઈકાલે મીડિયા સાથે વાતચીત દરમિયાન યુદ્ધવિરામને લઈ તેમનું વલણ સ્પષ્ટ કર્યું હતું. તેમણે કહ્યું કે, હું યુદ્ધવિરામને લઈને ઈઝરાયેલની સ્થિતિ સ્પષ્ટ કરું છું, ૭ ઓક્ટોબરથી શરૂ આ યુદ્ધમાં યુદ્ધવિરામને કોઈ સ્થાન નથી. યુદ્ધવિરામ કરવું તે ઈઝરાયેલ માટે હમાસ સામે



આત્મસમર્પણ સમાન છે. નેતન્યાહુએ વધુમાં જણાવ્યું કે, હવે સમય આવી ગયો છે કે લોકોને ભવિષ્ય માટે લડવું છે કે પછી આતંકી સામે આત્મસમર્પણ કરવું છે. ૭ ઓક્ટોબરે જે થયું તે મને યાદ અપાવે છે કે આપણે હુમલાખોરો સામે જ્યાં સુધી લડીશું નહીં ત્યાંસુધી સારા ભવિષ્યનું ઘડતર કરી શકશું નહીં. હુમલાખોરોનો ઉદ્દેશ્ય આપણા ભવિષ્યને નાશ કરવાનો છે. તેમણે એમ પણ કહ્યું કે, ઈઝરાયલે યુદ્ધ શરૂ નથી કર્યું પરંતુ આ યુદ્ધ અમે જીતીશું. ઈઝરાયેલના પીએમએ કહ્યું કે, હમાસને ફંડ આપવામાં ઈરાન મહત્વની ભૂમિકા છે. આ યુદ્ધમાં હમાસના આતંકીઓએ લોકોને જીવતા સળગાવી દીધા. ઉપરાંત હમાસના આતંકીઓએ યહૂદીઓનો નરસંહાર કર્યો, બાળકોના અપહરણ કર્યા માટે હવે આ યુદ્ધ સાચા અને ખોટાનના ભેદ વચ્ચેની લડાઈ છે. ગઈકાલે નેતન્યાહુએ કેબિનેટ બેઠક મોલવી હતી. આ દરમિયાન તેમણે હમાસની સૈન્ય અને શાસન વ્યવસ્થાને નષ્ટ કરવા અંગે વાત કરી હતી. નેતન્યાહુએ કહ્યું કે અમારા કમાન્ડર અને સૈનિકો દુશ્મનના વિસ્તારમાં લડી રહ્યા છે પરંતુ તેઓ જાણે છે કે તેમની સરકાર અને લોકો તેમની સાથે છે. હું સૈનિકોને મળ્યો છું. અમારી સેના ઉત્તમ છે, જેમાં ઘણા બહાદુર સૈનિકો છે.

### ઘરેલુ શેર બજારમાં ખુલતા માર્કેટમાં તેજી પરત ફરી

# સેન્સેક્સમાં ૨૩૮ અને નિફ્ટીમાં ૬૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

**બેક્કિંગ, આઈટી, ઓટો, ફાર્મા, મેટલ્સ, એનર્જી, હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટાડા સાથે બંધ થયા**

। મુંબઈ, તા.૩૧ ।

આજે ઘરેલુ શેર બજારમાં ખુલતા માર્કેટમાં તેજી પરત ફરી હતી, પરંતુ ગ્લૉબલ માર્કેટનો નજીવા સપોર્ટના કારણે બંધ થઈ રહેલુ માર્કેટ ફરી ઘટાડામાં આવ્યુ હતુ. આ કારોબારી દિવસના અંતે ભારતીય શેર માર્કેટના બન્ને ઈન્ડેક્સ બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટી નીચલા સ્તરે બંધ રહ્યાં હતા. આજે કારોબારી દિવસના અંતે સેન્સેક્સ ૦.૩૭ ટકાના ઘટાડા સાથે ૨૩૭.૭૨ નીચો રહ્યો અને ૬૩,૮૭૪.૯૩ના સ્તરે બંધ થયો હતો, તો વળી બીજીબાજુ એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ કારોબારી દિવસના અંતે ૦.૩૨ ટકાના ઘટાડા સાથે ૬૧.૩૦ પૉઈન્ટ નીચે રહીને ૧૯,૦૭૯.૬૦ના સ્તરે બંધ રહ્યો હતો. આમ આજે ભારતીય શેર બજારના બન્ને ઈન્ડેક્સ નીચલા સ્તરે બંધ રહ્યાં હતા. બે દિવસના ઉછાળા બાદ પ્રોફિટ બુકિંગના કારણે શેરબજાર મંગળવારના ટ્રેડિંગ સેશનમાં ઘટાડા સાથે બંધ થયું હતું. બેક્કિંગ, ઓટો અને આઈટી શેરોમાં પ્રોફિટ બુકિંગના કારણે બજારમાં આ ઘટાડો જોવા મળ્યો છે. આજના ટ્રેડિંગ સેશનના અંતે બીએસઈસેન્સેક્સ ૨૩૮ પોઈન્ટના ઘટાડા સાથે ૬૩,૮૭૫ પોઈન્ટ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૬૧ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૦૭૯ પોઈન્ટ પર બંધ થયો હતો.

આજના વેપારમાં એફએમસીજી, રિયલ એસ્ટેટ, મીડિયા કોમોડિટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરમાં ઉછાળો જોવા મળ્યો છે. જપ્ત કરાયેલા બેક્કિંગ, આઈટી, ઓટો, ફાર્મા, મેટલ્સ, એનર્જી, હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટાડા સાથે બંધ થયા છે. આજના વેપારમાં, મિડ કેપ શેરોમાં ખરીદીને કારણે, નિફ્ટી મિડ કેપ ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયો હતો જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયો હતો.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અન્ય પ્રાંતોમાં પણ ફેલાયું

# સીરીયાના લશ્કરી મથકો પર ઈઝરાયેલના હવાઈ હુમલા

। જેરૂસલેમ, તા.૩૧ ।

ઈઝરાયેલનાં વાયુદળે સીરીયામાં લશ્કરી મથકો પર હુમલા શરૂ કરી દીધા છે, તે સાથે ઈઝરાયેલ-હમાસ યુદ્ધ માત્ર મર્યાદિત વિસ્તાર પૂરતું નહીં રહેતાં મધ્ય પૂર્વમાં વ્યાપી રહેવાની ભીતિ દેખાઈ રહી છે.આ અંગે ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે સીરીયામાંથી મિસાઈલ હુમલાઓ કરતાં આજે સવારથી ઈઝરાયેલી વાયુદળનાં વિમાનોએ સીરીયામાં લશ્કરી મથકો ઉપર વળતા હુમલાઓ શરૂ કરી દીધા હતા. આ હુમલાઓ અંગે ઈઝરાયેલની સેનાએ વધુ વિગતો આપી નથી. માત્ર તેટલું જ જણાવ્યું હતું કે રવિવારે રાત્રે સીરીયામાંથી થયેલા (મિસાઈલ્સ) હુમલાના જવાબમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે સીરીયાનાં સંરક્ષણ મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે સીરીયાના કબજામાં રહેલા ગોલન-હાઈટ્સ વિસ્તાર પાસેનાં 'ધરા' પ્રદેશમાં આવેલા બે વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેથી અમારા કેટલાંક લશ્કરી સાધનો નાશ પામ્યા છે. બીજી તરફ સીરીયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ વૉર-સોનિટરે જણાવ્યું હતું કે, બાજુની અમારા કબજા નીચેની ગોલન હાઈટ્સ પાસેનાં લશ્કરી મથકો ઉપર ઈઝરાયેલે હવાઈ હુમલા કર્યા હતા.

### વિશ્ભરમાં આર્ટિફિશિયલ ઈનેટેલિજન્સનો નવો ટ્રેન્ડ

# એઆઈના ઉપયોગના નિયમન માટે બાઈડને ઓર્ડર પાસ કર્યો

। વોશિંગ્ટન, તા.૩૧ ।

આજકાલ દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો નવો ટ્રેન્ડ શરુ થયો છે. આ નવા ટ્રેન્ડ વચ્ચે સૌથી મોટું સંકટ લોકોની નોકરીઓ પર પડી શકે છે. એવામાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા ઉપયોગ માટે નિયમનનું કામ કરશે. આ ઓર્ડર સુરક્ષા અને ગોપનીયતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે.

આ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર થયા પછી અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, એઆઈપર સુરક્ષાની સંદર્ભમાં લેવામાં આવેલી અત્યાર સુધીની આ સૌથી મહત્વપૂર્ણ કાર્યવાહી છે. બાઈડેને વધુમાં જણાવ્યું કે, આવનારા ૫-૧૦ વર્ષમાં ટેક્નોલોજીમાં એવા મોટા ફેરફારો થવાના છે, જે આપણે છેલ્લા ૫૦ વર્ષમાં પણ નહીં જોયા હોય. તેથી તેના જોખમને ઓછું કરવા માટે નિયંત્રિત કરવાની જરૂર છે.

અમેરિકામાં રજૂ કરવામાં આવેલ આ એક્ઝિક્યુટિવ ઓર્ડર કાયદા અને સત્તાઓને શક્તિ પૂરી પડે છે. હજુ આ કાયદાને બંને ગૃહોમાં રજૂ કરાશે. અમેરિકામાં એક્ઝિક્યુટિવ ઓર્ડર રાષ્ટ્રપતિનો નિર્દેશ છે. આ ઓર્ડર ફેડરલ સરકારની કામગીરીનું સંચાલન કરે છે.

### જાસૂસી એજન્સીઓએ પંજાબ સરકારને ચેતવણી આપી

# કેનેડાના આઠ શહેરમાંથી ખાલિસ્તાની ચળવળને હવા આપવાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે

। ટોરેન્ટો, તા.૩૧ ।

કેનેડાના આઠ શહેરોમાંથી પંજાબમાં ખાલિસ્તાની ચળવળને હવા આપવાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. કેનેડાના અમુક ગુરુદ્વારાનો પણ તેના માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જાસૂસી એજન્સીઓએ પંજાબ સરકારને ચેતવણી આપતા કહ્યું હતું કે ખાલિસ્તાની સમર્થકો અને નજીકના લોકોની ગતિવિધિઓ ઉપર પણ નજર રાખવામાં આવે. વિદેશમાં છુપાયેલ આતંકીઓ પણ પંજાબમાં માહોલ બગડવાની ફિરાકમાં છે. રાજ્ય સરકારને મોકલવામાં આવેલા રિપોર્ટમાં ગુપ્તચર એજન્સીઓએ કેનેડાના તે શહેરનો પણ ઉલ્લેખ કર્યો છે જ્યાં તાજેતરમાં આતંકવાદી નિજ્જરની હત્યા કરવામાં આવી હતી. કેનેડાના કેટલાક શહેરોમાં ભારત વિરોધી પોસ્ટર લગાવવામાં આવ્યા છે. એજન્સીઓએ જણાવ્યું કે આતંકવાદીઓ અને ખાલિસ્તાન સમર્થકો આ શહેરોમાં આવતા-જતા રહે છે. કેટલાક ધાર્મિક સ્થળોની મેનેજમેન્ટ કમિટી પણ તેમને મદદ કરી રહી છે. એજન્સીઓએ આવા ગુરુદ્વારા સંચાલકોની યાદી પણ તૈયાર કરી છે. ભારતમાં તેમના નજીકના અને સંબંધીઓ પર નજર રાખવા માટે આ યાદી પંજાબ સરકાર સાથે શેર કરવામાં આવી છે.

## વિશેષ

### વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઇચ્છા થાય છે

# ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રી મંતોનેય શાંતિ નથી, શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય?



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

ગઈ કાલે દેશભરમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભ ભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતીની ઊજવણી કરવામાં આવી. શિવ અને જીવ વચ્ચેની એકાત્મતા સ્પષ્ટ જોવા મળે છે. આજે આપણે ભગવદ્ જ્ઞાન થકી કંઈક જાણવા પ્રયત્ન કરીએ.

વૃદ્ધાવસ્થામાં આ શરીર ઘરડું બને છે. પણ મન અને બુદ્ધિ તો જુવાન રહે છે. જુવાનીમાં ભોગવેલા સુખનું મન વારંવાર ચિંતન કરે છે. ભગવાનનું ચિંતન ન થાય તો વાંધો નહીં પણ સંસારના વિષયનું ચિંતન કરશો નહીં. સત્સંગ અને ભજન કરો તો તનમનમાં જુવાની રહેશે,ને ઘડપણ બોજારૂપ નહીં બને.

વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઈચ્છા થાય છે. વૃદ્ધાવસ્થામાં આ લૂલી બહુ પજવે છે. હજી શરીર સારું છે, ત્યાં સુધી બાજી હાથમાં છે ત્યાં સુધી પ્રભુને રાજી કરો તો બેડો પાર છે. મરણ પથારીમાં પડ્યા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે. આપ્તવર્ગ પણ મને કંઈ મળશે એવી ઈચ્છા થી સેવા કરે છે. બધાં સ્વાર્થનાં સગાં ભેગાં થાય છે. ભાગવતમાં સગાંઓને શિયાળ, કૂતરા જેવાં કહયાં છે. છેવટે ડોસો એકલો રડતો રડતો જાય છે. જાણે છે કે હું જઈશ ત્યારે કોઈ સ્ત્રી-પુરુષ સાથે આવશે નહીં. મારે એકલાને જવું પડશે છતાં વિવેક રહેતો નથી. યમદૂતો આ જીવાત્માને શરીરમાંથી બહાર કાઢે છે.અંત કાળમાં બે યમદૂતો આવે છે. પાપ પુરુષ અને પુણ્ય પુરુષ.પુણ્ય પુરુષ કહે છે, તને પુણ્ય કરવાની તક આપી છતાં તે પુણ્ય કદી કર્યું નહીં.આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે. યમદૂતોની ગતિ પગથી આંખ સુધી હોય બ્રહ્મ રંધ્રમાં જે પ્રાણને સ્થિર કરે છે તેને યમદૂતો કોઈ કરી શકતા નથી. મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર, તેની અંદર કારણ શરીર છે. સૂક્ષ્મ શરીરની અંદર રહેલી વાસનાઓને કારણ શરીર છે. જીવાત્માને સૂક્ષ્મ યમદૂતો એક શરીર સાથે યમપુરીમાં લઈ જાય છે. અતિ પાપી માટે યમપુરીનો માર્ગ ભયંકર છે. પાપીને ગરમ રેતી ઉપર ચાલવું પડે છે. ચિત્રગુપ્ત જીવાત્માએ કરેલાં પાપ પુણ્ય જીવાત્મા યમ દરબારમાં સંભળાવે છે. ચૌદ સાક્ષીઓ સાક્ષી આપે છે. પછી જીવાત્માને પાપ કબૂલ કરવું પડે છે. પૃથ્વી, ચંદ્ર વગેરે ચૌદ સાક્ષીઓ છે. પાપ પ્રમાણે નરકની સજા થાય છે. જો કોઈ જીવનાં પાપ પુણ્ય સરખા હોય તો તે ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય જ હોય તો સ્વર્ગમાં જાય છે. પુણ્ય ખૂટી જાય એટલે ફરીથી મનુષ્ય લોકમાં જન્મ લેવો પડે છે અને આમ અનેક જન્મ-મરણનું દુઃખ ભોગવે છે. ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે,પણ એ શ્રી મંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે.

વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા. મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી. ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો. મહાત્માને દયા આવી.ઉંદરને કહ્યું,તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું, હું બિલાડી બની જાઉં તો પછી કોઈની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવી દો. મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી.એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડ્યો.ત્યારે બિલાડી એ કહ્યું,મહારાજ,મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો. એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડ્યો. એટલે કૂતરો કહે,મહારાજ,મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસક વૃત્તિ જાગૃત થઈ તેણે વિચાર્યું આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો.આ ઉંદર બિલાડીની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે. માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યો કે,હું ઈશ્વરમાં માનતો નથી. ધર્મમાં માનતો નથી! ભગવાન ક્યાં ચીજ છે! પણ ભગવાન કહે છે કે, યાદ રાખ.હું તને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ.આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે. પશુપક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુઃખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે. જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણી ના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પછી ફળ જેવો મોટો થાય છે.એક મહિનાના ગર્ભને માથું આવે છે,બે મહિનામાં હાથ -પગ,ત્રણ મહિનામાં નખ વાળ ચાર મહિનામાં સાત ધાતુ, પાંચ મહિનામાં ભૂખ-તરસનું જ્ઞાન, છ મહિનામાં માતાના પેટમાં ભ્રમણ, આ ક્રમ છે.જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્રથી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે.તેને જંતુઓ કરડે ત્યારે કેટ લીક વખત તે મૂર્છા પામે છે. વળી માતાએ ખાધેલા તીખા,ઊના,ખારા ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે.આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે.પણ કંઈ પણ કરવાને તે અસમર્થ છે.સાતમે મહિને જીવાત્માને પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે.તે ગર્ભમાં પ્રભુની સ્તુતિ કરે છે, નાથ મને બહાર કાઢો.ગર્ભવાસ અને નર્ક વાસ સરખો છે.મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ.ગર્ભમાં જીવ ભગવાન આગળ અનેક પ્રતિજ્ઞા ઓ કરે છે. પછી જન્મ વખતે અતિશય વેદના માં પૂર્વજન્મનું જે જ્ઞાન હતું તેજીવ ભૂલી જાય છે. બહાર આવતી વખતે અતિશય દુઃખ થવાથી ગર્ભ નું જ્ઞાન ભૂલે છે.

જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે.આ બંને દુઃખ સરખા છે.આ દુઃખોનો અંત આવતો નથી. જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતી નથી.જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે.તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે.પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી.પછી લાડી સાથે પ્રેમ કરે છે. તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્ત્રીમાંથી મોહ ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે.અનેક જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે. હજી ક્યાં સુધી ભટકવું છે?તારા મનને સંસારના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર.પરમાત્માના ચરણનો આશ્રય કરી જન્મ મરણ ના ત્રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું.

વાચક ચાહક મિત્રો, આપણે ભગવદ્ જ્ઞાન મેળવી ધન્યતા રાજીપો અનુભવીએ તેવી આશા સહ..

# સરદાર પટેલ જયંતી અમદાવાદમાં મેરેથોન યોજાઈ, CM ભૂપેન્દ્ર પટેલએ લીલી ઝંડી બતાવી

## રાજ્યના નાગરિકોને એકતા અને સૌહાર્દ તરફ વાળવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યભરમાં રન ફોર યુનિટીનું આયોજન

। અમદાવાદ, તા.૩૧ ।

આજે સરદાર પટેલ જયંતી નિમિતે અમદાવાદમાં મેરેથોન યોજાઈ હતી. સરદાર પટેલ જયંતીના દિવસે રન ફોર યુનિટીના સંદેશ સાથે મેરેથોનનું આયોજન કરાયું હતું. મેરેથોન સાબરમતી રિવરફ્રન્ટના ઈવેન્ટ સેન્ટરથી શરૂ કરવામાં આવી હતી. ૪.૨ કિલોમીટરના અંતરની મેરેથોનમાં હજારો લોકો જોડાયા હતા. ઝસ ભૂપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. દર વર્ષે ૩૧મી ઑક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે, જે દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને એકતાની ઉજવણી કરવા માટે જીવનના તમામ ક્ષેત્રના લોકોને નજીક લાવીને



સંવાદિતા અને એકતાના મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલના વારસાને સન્માનિત કરવા માટે ગુજરાત સરકારે વિવિધ વય જૂથોના હજારો નાગરિકોને એકતા અને સૌહાર્દ તરફ વાળવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યભરમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાં તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગ-અલગ જગ્યા ઉપર રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યુનિટી રન સવારે સાબરમતી રિવર ફ્રન્ટ ખાતેના ઈવેન્ટ સેન્ટરથી શરૂ કરવામાં આવી હતી. જે કુલ ૪.૨ કિલોમીટર અંતરનું હતું. આ યુનિટી રનમાં અંદાજિત ૭,૦૦૦થી વધુ લોકો જોડાયા હતા. જેમાં સંસદસભ્ય, ધારાસભ્ય, મેયર, તમામ કાઉન્સિલર તેમજ અન્ય મહાનુભાવો ભાગ લીધો હતો. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યુનિટી રન સવારે ૭:૦૦ વાગ્યે, જે પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ કરી ૩ કિલોમીટરના રૂટને આવરીને સરગમ શોપિંગ સેન્ટર પોલીસ પરેડ ગ્રાઉન્ડ પરત ફરશે. આ કાર્યક્રમમાં તમામ ધારાસભ્ય, ડેપ્યુટી મેયર, ચેરમેન, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, કોર્પોરેટર, મહાનુભાવો તેમજ એન.જી.ઓ. સહિત ૩,૦૦૦થી વધુ લોકો જોડાયા હતા. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યુનિટી રન કીર્તિ સ્તંભ, વડોદરાથી શરૂ કરીને ડેરી ડેન સર્કલ સુધી ૪.૫ કિલોમીટર સુધી રૂટને આવરી આવરીને પૂર્ણ થશે. સંસદસભ્ય, ધારાસભ્ય, મેયર, તમામ કાઉન્સિલર તેમજ અન્ય મહાનુભાવો સહિત ૭,૫૦૦થી વધુ લોકો જોડાયા હતા. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યુનિટી રન સવારે ૭:૦૦ વાગ્યે, રેસકોર્સ સ્થિત પોલીસ હેડક્વાર્ટરથી શરૂ થશે જે ૩ કિલોમીટરનું અંતરને આવરીને પૂર્ણ થશે. આ કાર્યક્રમમાં ૫,૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

**ન્યૂઝ બ્રિફ**

### દિવાળી અગાઉ રાજકોટમાં પાણીકાપથી લોકોને હાલાકી પડશે

। રાજકોટ, તા.૩૧ ।

દિવાળી પહેલા રાજકોટના લોકોને પાણીકાપનો સામનો કરવો પડી શકે છે. મળતી જાણકારી અનુસાર, દિવાળી પહેલા રાજકોટના વોર્ડ નંબર ૭, ૧૧ અને ૧૭માં ગુરુવારે પાણીકાપ રહેશે. પાઈપલાઈનમાં લીકેજ થતા સમારકામની કામગીરી હાથ ધરાશે જેના કારણે પાણી કાપ રહેશે. ભાદર યોજના આધારીત પાઈપલાઈનમાં એસ.ટી. વર્કશોપ પાસે રેલ્વે ક્રોસિંગમાં ઘણી જ જૂની લીકેજ લાઈન બદલવાની હોવાના કારણે ભાદરડેમથી રાજકોટ શહેર સુધી આવતી પાઈપલાઈનમાં લીકેજ રીપેરિંગ કરવાની કામગીરીને લઈને પાણી કાપ રહેશે. ગુરુવારના રોજ ગુરુકુળ હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો વોર્ડ નંબર સાત લાલબહાદુર હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો વોર્ડ નંબર ૧૭ અને વાવડી હેડ વર્કસ હેઠળ આવતા વોર્ડ નંબર ૧૧માં પાણી વિતરણ બંધ રહેશે. દિવાળી પહેલા જ પાણી કાપ મુકવામાં આવતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

### દધિચી બ્રિજ પાસે યુવકને ગોળી મારી, શાહપુર-મિરઝાપુરમાં યુવકો પર ચપ્પુ હુલાવાયું

। અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હત્યાની ત્રણ ઘટનાઓ સામે આવી છે. જેમાં બે હત્યા રાત્રિ દરમિયાન અને એક હત્યા આજે સવારે બનતા ચકચાર મચી જવા પામી છે. મોટી વાત તો એ છે કે ત્રણ હત્યા પૈકી એક પણ કિસ્સામાં પોલીસે હજુ સુધી આરોપીની ધરપકડ નથી કરી શકી. ત્રણ પૈકી બે હત્યાના કારણો તો સામે આવી ચૂક્યા છે પરંતુ રિવરફ્રન્ટમાં એક યુવક ની હત્યાનું કારણ સામે નથી આવ્યું. અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઈ ચિંતાગ્રહ સમાચાર સામે આવી રહ્યા છે છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ત્રણ ઘટના સામે આવી ચૂકી છે. સૌથી પહેલા ગઈકાલે રાત્રે અમદાવાદના દધીચિ બ્રિજ નીચે રિવરફ્રન્ટ પાસે એક યુવકની ગોળી મારીને હત્યા કરી દેવાઈ. જે મામલે પોલીસે જાણ થતા સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક સ્મિત ગોહિલ નામના યુવકની ઉંમર ૨૪ વર્ષ હતી. જેને હૃદયના ભાગે ખૂબ જ નજીકથી દેશી કટ્ટાથી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો. મૃતક શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં રહે છે જે તેના પિતાને વ્યવસાયમાં મદદ કરતો. સામાન્ય રીતે ભોગવેમાં લોકોની અવરજવર જોવા નથી મળતી જેથી રાત્રી દરમિયાન સમયનો લાભ લઈ અજાણ્યા શખ્સે તેની હત્યા કરી નાખી, આરોપી સુધી પહોંચવાનો હજુ ઠોસ પુરાવા નથી મળ્યા પરંતુ રિવરફ્રન્ટ ની આસપાસ તરફના તરફના રસ્તા ના સીસીટીવી ઘટના આધારે પોલીસે હથિયારા સુધી પહોંચવાની તજવીજ હાથ ધરી છે. બીજી તરફ શહેરના શાહપુર પોલીસ સ્ટેશનની હદમાં સવારે હત્યાનો બનાવ બન્યો હતો. સવારના ૯ ની આસપાસ અંગત અદાવતના કારણે એક હત્યાની ઘટનાને અંજામ આપવામાં આવ્યો. મિર્ઝાપુર કુરેશ હૉલ પાસે એક યુવાન પર ઉપરાંછાપરી ચપ્પૂના જેવી તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવાઈ.

# ઝાલોદ નગરમાં રામસાગર પાસે આવેલ બાળ ક્રિડાંગણના રમત ગમતના સાધનો તૂટેલા તેમજ કટાયેલી હાલતમાં

**બાળકો તૂટેલા તેમજ કટાયેલા સાધનો સાથે જીવના જોખમે રમતા જોવા મળ્યા**

। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૧ ।

ઝાલોદ નગરમાં રામસાગર તળાવ પાસે બાળકો માટે રમત ગમતના સાધનો સાથે રમવા માટે નગરપાલિકા દ્વારા બાળ ક્રિડાંગણ બનાવવામાં આવેલ છે. આ બગીચામાં જે રામત ગમતના સાધનો છે તે બધા કટાયેલા ,તૂટેલા તેમજ ભંગાર હાલતમાં જોવા મળી રહેલ છે. આ બાળ ક્રિડાંગણ નગરપાલિકા બનાવ્યા બાદ ભૂલી ગયેલ હોય તેવું લાગી રહ્યું છે. આ બાળ ક્રિડાંગણમાં સાફ સફાઈ પણ જોવા મળતી નથી. ઝાલોદ નગરમાં વસ્તીની દ્રષ્ટિએ રમતગમતના સાધનો સાથેના બગીચા વધુ હોવા જોઈએ પરંતુ વર્ષો પહેલાં બનેલ આ બાળ ક્રિડાંગણ સમય જતાં જર્જરીત બની ગયેલ છે. આજદિન સુધી નગરપાલિકા આ બાળ ક્રિડાંગણને લઈ ગંભીર જોવા મળતું નથી.



અહીંયાં જે સાધનો છે તે કટાયેલા છે અને બાળકો આવા સાધનો સાથે રમત ગમત કરતા જોવા મળેલ હતા. આ સાધનો સાથે રમતા બાળકોને વાગી જવાનો ડર પણ રહે છે અને કેટલીય વાર બાળકોને રમતા રમતા કટાયલા સાધનોને લીધે ઈજા પણ થયેલ છે. આ કટાયેલા સાધનો સાથે બાળકો જીવના જોખમે ત્યાં રમતા જોવા મળે છે. બાળકોને નાની નાની ઈજાઓ તો કટાયેલા સાધનોને લીધે થાય છે પણ કોઈ દિવસ કોઈ મોટી ઈજા થશે તો તેના માટે જવાબદાર કોણ.... આ સાધનોનું નગરપાલિકા દ્વારા કોઈ પણ જાતનું રખરખાવ રાખવામાં આવતું નથી. નગરજનોમાં એવો ગણગણાટ જોવા મળે છે કે નગરપાલિકા પાસે બાળ ક્રિડાંગણના નવા રમતના સાધનો માટે કોઈ માંગ કરવામાં નથી આવતી સરકાર પાસે કે પછી કોઈ ગ્રાંટ આવે છે તેનો બારોબાર વહીવટ થઈ જાય છે તેવા ઉલઝાયેલા પ્રશ્નો નગરજનોમા થઈ રહેલ છે. હવે હકીકત તો નગરપાલિકાને જ ખબર પરંતુ નગરજનો નવાં સારી ક્વૉલિટીના રમતના સાધનો અહીંયાં લગાવવામાં આવે તેવી લોકમાંગ કરી રહેલ છે.

**લેવા માટે પડાપડી-લોકોએ મચાવી લૂંટ**

### સુરતમાં રસ્તાં પર દારૂની પોટલીઓની રેલમછેલ



। સુરત, તા.૩૧ ।

સુરતની એક વિચિત્ર ઘટનાએ તમામ લોકોનું ધ્યાન ખેંચ્યુ છે, સાથે સાથે સુરત પોલીસની પણ પોલ ખીલી દીધી છે. ખરેખરમાં, હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે કે સુરતમાં દારુ બંધીની અમલવારી માત્રે કાગળ પર જ છે, પરંતુ હકીકત કંઈક અલગ છે. વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, સુરતના પાંડેસરા વિસ્તારમાં એક અકસ્માત દરમિયાન રસ્તાં પર દારુની પોટલીઓની રેલમછેલ થઈ ગઈ હતી, અને તેને લેવા માટે લોકો પડાપડી કરી રહ્યાં હતા. હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જે સુરતના પાંડેસરા વિસ્તારનો છે, આ વીડિયોમાં સુરત પોલીસની પોલી ખુલી ગઈ છે. સુરતમાં પાંડેસરા વિસ્તારમાં દેશી દારૂ લઈ જતી મૉપેડ સ્લીપ ખાઈ થતાં દારુની પોટલી રસ્તા પર વેરાઈ ગઈ, એટલું જ નહીં આ દારૂની પોટલીઓને લેવા માટે લોકો રસ્તાં પર પડાપડી કરી રહ્યાં હતાં. સુરતના પાંડેસરા વિસ્તારમાંથી અજીબોગરીબ ઘટના સામે આવી હતી. દેશી દારૂની પોટલીઓના થેલા લઈ જતી એક મૉપેડના ચાલકે કાબુ ગુમાવતા તે રસ્તાં પર સ્લિપ ખાઈ ગઈ હતી. આ અકસ્માતનાં કારણે રસ્તા પર જ દારૂની પોટલીઓ ઢોળાઈ ગઈ હતી, જેને લઈ રસ્તા ઉપર દારૂની પોટલી લેવા લોકોએ પડાપડી કરી લૂંટ મચાવી હતી. લોકોની પોટલીની લૂંટ ચલાવતો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે, પાંડેસરા વિસ્તારમાં સર્જાયેલા અકસ્માતે પોલીસની પોલ પણ ખુલ્લી પાડી દીધી છે. સુરતમાં દારૂબંધીનો સખત અમલ પોલીસ કરાવતી હોવાના દાવા કરી રહી છે પરંતુ, આ બધાની વચ્ચે શહેરમાં બનેલી આ ઘટનાએ દારૂબંધીની સખત અમલવારીની પોલ ખુલ્લી પાડી દીધી છે.

**હાઈ લેવલના ઓપરેશનોમાં સંદર્ભે ૨૦૧૮માં આ એવોર્ડની શરૂઆત થઈ**

# ગુજરાતના ૨૦ સહિત ૨૦૪ પોલીસ અધિકારીની સ્પેશિય ઓપરેશન મેડલ માટે પસંદગી કરાઈ

### ડીઆઈજીપી દિપેન ભદ્રમ, ડીવાયએસપી ભાવેશ રુઝીયા સહિત ગુજરાતમાંથી ૨૦ પોલીસ અધિકારીઓને સન્માન પ્રાપ્ત થશે

। અમદાવાદ, તા.૩૧ ।

કેન્દ્રીય ગૃહમંત્રીના સ્પેશિયલ ઓપરેશન મેડલ-૨૦૨૩ માટે ગુજરાતના ૨૦ સહિત ૨૦૪ પોલીસ અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. ડીઆઈજીપીદિપેન ભદ્રમ, ડીવાયએસપી ભાવેશ રુઝીયા સહિત ગુજરાતમાંથી ૨૦ પોલીસ અધિકારીઓની મેડલ માટે પસંદગી કરાઈ છે. મણિપુર પોલીસના મહાનિદેશક રાજીવ સિંહ તેમજ જમ્મુ-કાશ્મીરમાં વિવિધ હોદ્દાઓ પર કાર્ય કર્યા બાદ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ)માં તૈનાત થનારા વરિષ્ઠ આઈપીએસ અધિકારી અમિક કુમારનું નામ પણ યાદીમાં સામેલ છે. એવોર્ડ માટે ૧૦ રાજ્યો અને ત્રણ કેન્દ્રીય એજન્સીઓમાંથી ૨૦૪ પોલીસ અધિકારીઓની પસંદગી કરાઈ છે, જેમાં સીઆરપીએફમાંથી ૨૦, એનઆઈએમાંથી ૯, એનસીબીમાંથી ૧૪, આંધ્રપ્રદેશમાંથી ૧૨, આસામમાંથી પાંચ, ગુજરાત માંથી ૨૦, ઝારખંડ માંથી ૧૬, મધ્યપ્રદેશમાંથી ૨૧, તમિલનાડુ માંથી ૧૯, તેલંગણા માંથી ૨૨, ત્રિપુરા માંથી ૨, પશ્ચિમ બંગાળમાંથી ૧૦ અને ઉત્તરાખંડ માંથી ૩ પોલીસ અધિકારીઓની એવોર્ડ માટે પસંદગી કરાઈ છે.

**વાપીના જ્વેલર્સ ઘરેણા રોકડ કારમાં લઈને ઘરે જઈ રહ્યા હતા**

# વાપીમાં જ્વેલર્સના માલિક અને કર્મીને બંદૂક-તલવારની અણીએ લૂંટી લીધા

### કારમાંથી આશરે ૮૦ તોલા સોનાના દાગીના ૬ કિલો ચાંદીના દાગીના અને રોકડ રકમની લૂંટ થયાનું અનુમાન

। વાપી, તા.૩૧ ।

વાપીના ભડકમોરા વિસ્તારમાં આવેલી જ્વેલર્સ માલિક અને કર્મચારીને ગઈકાલે સોમવારે રાત્રે બંદુક અને તલવારની અણીએ લૂંટ ચલાવી ભાગી ગયા હતા. કારમાંથી અંદાજીત ૮૦ તોલા સોના અને ૬ કિલો ચાંદીના દાગીના અને રોકડની લૂંટ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. કેમેરામા ઘટના કેદ થઈ હતી. પ્રાપ્ત માહિતિ અનુસાર વાપીના ભડકમોરા વિસ્તારમાં શ્રી અંબિકા જ્વેલર્સ નામક દુકાન આવેલી છે. ગઈકાલે સોમવારે રાત્રે દુકાન માલિક અને કર્મચારી દુકાન બંધ કરી સોના અને ચાંદીના ઘરેણા કારમાં મુકી ઘરે જવા નિકળતા હતા. તે દરમિયાન ચાર શખ્સો કાર નજીક ધસી જઈ દુકાનમાલિક અને કર્મચારી કઈ બોલે કે સમયે તે પહેલા જ બંદુક અને તલવારની અણીએએ ધાક ધમકી આપી કારમાંથી મુદ્દામાલ લૂંટી લઈ પોબારા ભણી ગયા હતા. ઘટનાને પગલે દુકાનદાર ગભરાય ગયા હતા.

**રાજકોટમાં રોગચાળાએ માઝા મૂકી છે**

# રાજકોટમાં શરદી-ઉધરસ અને ઝાડા-ઉલટીના કેસોમાં વધારો

### એક અઠવાડિયામાં શહેરની સરકારી હોસ્પિટલોમાં નોંધાયેલા રોગચાળાના આંકડાએ તંત્રને દોડતુ કરી દીધુ

। રાજકોટ, તા.૩૧ ।

રાજકોટમાં રોગચાળાએ માઝા મૂકી છે, ફરી એકવાર શહેરમાં ઠેર ઠેર ડેન્ગ્યૂથી લઈને ચિકનગુનિયા અને વાયરલ ફિવરના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. ગયા છેલ્લા એક અઠવાડિયાથી રોગચાળાની સ્થિતિમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, જેના તંત્રની ઊંઘ ઉડી ગઈ છે.

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એક અઠવાડિયામાં શહેરની સરકારી હૉસ્પિટલોમાં નોંધાયેલા રોગચાળાના આંકડાએ તંત્રને દોડતુ કરી દીધુ છે. તાજા આંકડા પ્રમાણે, શહેરમાં ડેન્ગ્યૂના ના ૯, ચિકનગુનિયાના ૮, શરદી-ઉધરસના ૮૨૨ અને ઝાડા ઉલટીના ૧૮૦ કેસ નોંધાયા છે. છેલ્લા એક અઠવાડિયાથી દર્દીઓના ધસારાને જોતા સરકારીની સાથે સાથે ખાનગી હૉસ્પીટલો પણ ઉભરાઈ રહી છે. ખાસ વાત છે કે, રાજકોટ શહેરની વિસ્તારની સાથે સાથે હવે રોગચાળાની ઝપેટમાં ગ્રામ્ય વિસ્તારો પણ આવી રહ્યાં છે. શહેરમાં ભાજપના કોર્પોરેટર નિતીન રામાણી પણ ચિકનગુનિયાની ઝપેટમાં આવ્યા છે. ખાસ વાત છે કે, રાજકોટમાં અત્યારે મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, વહેલી સવારે ઠંડી, બપોરે તડકો અને સાંજે વાદળછાંયુ વાતાવરણ રહેવાથી રોગચાળો હજુ પણ વકરી શકે છે. ભારતમાં ડેન્ગ્યુના કેસોમાં અચાનક વધારો થયો છે. સમગ્ર ઉત્તર ભારત અને દિલ્હી-એનસીઆર સહિત દેશના ઘણા ભાગોમાં આ દિવસોમાં ડેન્ગ્યુના કેસ સતત વધી રહ્યા છે. તાજેતરમાં દિલ્હીના કેટલાક વિસ્તારોમાં ભારે ચોમાસાના પૂર બાદ પાણી ભરાઈ ગયા હતા. ઉત્તર ભારતના અન્ય વિસ્તારોમાં પણ પૂરના કારણે મચ્છરજન્ય રોગોમાં વધારો થયો છે. દિલ્હીમાં પૂર બાદ ડેન્ગ્યુના કેસ ઝડપથી વધી રહ્યા છે. તાજેતરમાં દિલ્હી સરકારે ડેન્ગ્યુ જીનોમ ઓળખ માટે ૨૦ ડેન્ગ્યુ સેમ્પલ મોકલ્યા હતા. તેમાંથી સૌથી ખતરનાક ડ્ઈંદ્બ-૨ સ્ટ્રેન ૧૯ કેસમાં જોવા મળ્યું હતું. ડેન્ગ્યુના આ સ્ટ્રેનને લઈ આરોગ્ય અધિકારીઓ અને લોકોની ચિંતા વધી છે. દિલ્હીના આરોગ્ય વિભાગને જાણવા મળ્યું છે કે ૨૦ માંથી ૧૯ સેમ્પલ ટાઈપ ૨ ડેન્ગ્યુના હતા, જે સૌથી ખતરનાક માનવામાં આવે છે. ડેન્ગ્યુ ટાઈપ-૨ એક ખતરનાક સ્ટ્રેન છે. આ ડેન્ગ્યુનો સૌથી ખતરનાક સ્ટ્રેન છે.

**વાપીના ભડકમોરામાં લૂંટની ઘટના**

### બુકાનીધારી લૂંટારૂઓએ હથિયારની અણીએ જ્વેલર્સમાં ચલાવી લૂંટ

। વાપી, તા.૩૧ ।

વાપીના ભડકમોરા વિસ્તારમાં એક જ્વેલર્સની દુકાનમાં થયેલી લૂંટની ઘટનાના સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા છે. ભડકમોરા વિસ્તારમાં રાત્રે ત્રણ બુકાનીધારી લૂંટારૂઓ હથિયારો સાથે ત્રાટક્યા હતા. સૌ પ્રથમ દુકાનની બહાર કાર સાફ કરી રહેલા દુકાનના માલિકને તમંચા જેવું હથિયાર બતાવી ધમકાવ્યો હતો. ત્યાર બાદ દુકાનની બહાર રહેલા કેટલાક લોકોને પણ હથિયારો બતાવી ધમકાવીને ભગાવી લૂંટારૂઓ હથિયાર સાથે દુકાનમાં પ્રવેશ કર્યો હતો. ત્યાર બાદ દુકાનમાંથી અંદાજે ૧ કિલો સોનું, ૧૫ કિલોથી વધુ ચાંદી અને ૫૦ હજારથી વધુ રોકડ રૂપિયા મળી લાખોની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. દુકાનની બહાર લાગેલા સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ ગઈ હતી. સીસીટીવીમાં દેખાતા દ્રશ્યો મુજબ બાઈક પર ત્રણ લૂંટારો આવે છે. ત્યાર બાદ અચાનક જ હથિયાર કાઢી અને દુકાનના માલિક અને બહાર રહેલા લોકોને ધમકાવી ત્યાંથી ફરાર થઈ જવા જણાવે છે. ત્યાર બાદ દુકાનમાં પ્રવેશી દુકાનમાંથી ૫૦ હજારથી વધુ રોકડ રૂપિયા, સોના ચાંદીના દાગીના મળીને લાખોની લૂંટ ચલાવી લૂંટારુઓ ફરાર થઈ ગયા હતા. દુકાનદારના કહેવા પ્રમાણે લૂંટારૂઓએ હવામાં ફાયરિંગ પણ કર્યું હતું અને ત્યાર બાદ ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં જ પ ેાલીસે કાફલો સ્થળ પર પહોંચી નાકાબંધી કરી લૂંટારૂઓ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# ૪૫ વર્ષીય બ્રેઈનડેડ યુવાનની બે કિડની અને લિવરનું દાન

। સુરત, તા.૩૧ ।

દાનવીરોની ભૂમિ તરીકે ઓળખાતું સુરત શહેર હવે ઓર્ગન ડોનર સિટી તરીકે ખ્યાતિ પામ્યું છે. આ કડીમાં વધુ એક અંગદાનનો ઉમેરો થયો છે. સચિન ખાતે રહેતા ૪૫ વર્ષીય બ્રેઈનડેડ યુવાન આદિત્ય કુર્મીના બે કિડની અને લીવરના દાન થકી ત્રણ વ્યકિતઓને નવજીવન મળશે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત શહેરના સચિનની સાંઈનાથ સોસાયટી, કનકપુર ખાતે રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના વતની ૪૫ વર્ષીય આદિત્ય કુર્મી તા.૨૬ ઓકટોબરના રોજ રાત્રે ૧૦:૪૬ વાગે ઘર માટે સામાન લેવા બાઈક પર જતા હતા ત્યારે બાઈક પરથી પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તત્કાલ બેભાન અવસ્થામાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ત્રણેક દિવસની સારવાર બાદ તા.૨૯મી ઓકટોબરે સાંજે ૦૪:૧૫ વાગે આર.એમ.ઓ. ડૉ. કેતન નાયક, ડો. નિલેશ કાછડિયા, ડૉ.જય પટેલ તથા ન્યુરો સર્જન ડો.કેયુર પ્રજાપતિએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. આદિત્ય કાપડની ધાગાની કંપની કામ કરતા હતા. તેમના પત્નિ ગુડ્ડી દેવી તથા બે ભાઈઓને ડૉ.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, નર્સીંગ કાઉન્સીલના ઈકબાલ કડિવાલા અને નિર્મલા કાથુડે અંગદાનનું મહત્વ સમજાવ્યું. જેથી પરિવારજનોએ અંગદાનની સમંતિ આપતા અંગો સ્વીકારાયા હતા. આજે ૨ કિડની અને લીવર એર એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આમ કુર્મી પરિવારના બ્રેઈનેડેડ આદિત્ય કુર્મીના અંગદાનથી ત્રણ વ્યક્તિઓને નવી જિંદગી બક્ષીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. સ્વ. આદિત્યા કુર્મીને ૧ પુત્રી ખુશી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨